# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.12 - Issue 8
August 2019
Price 12/-



**રાજયોગિની દાદી પ્રકાશમણિજી**

**મુખ્ય પ્રશાસિકા (૧૯૬૯-૨૦૦૭)**

**સ્મૃતિ દિવસ તારીખ ૨૫-૮-૨૦૧૯**

**વિશ્વબંધુત્વ દિવસ**



ગાંધીનગર સેક્ટર-૨૮ ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસે' વૃક્ષારોપણ કરતાં બ્ર.કુ. કૈલાસબેન તથા નાયબ વન સંરક્ષક ભ્રાતા હેમંતભાઈ, બાજુમાં સ્વામી ઓમકારાનંદજી, પૂર્વ વન અધિકારી ભ્રાતા દિનેશભાઈ.



પાટણમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' વૃક્ષારોપણ બાદ સમુહમાં બ્ર.કુ. નીલમબેન, મદદનીશ ખેતી નિયામક ભ્રાતા લક્ષ્મણભાઈ, વનસંરક્ષક ભ્રાતા વિષ્ણુભાઈ દેસાઈ, ખેતીવાડી અધિકારી ભ્રાતા શૈલેષભાઈ.




સુરત પાસોદરામાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ રાધાબેન, બ્ર.કુ. હર્ષાબેન તથા બ્ર.કુ. ભાઈ-બહેનો.




ડીસામાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' પંચશીલ હાઈસ્કુલના કાર્યક્રમમાં બ્ર.કુ. સુરેખાબેન, ડૉ. નગીનભાઈ, શિક્ષકગણ, બ્ર.કુ. ભાઈ-બહેનો.



વડનગર સેવાકેન્દ્ર દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસે' વૃક્ષારોપણ બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. ચંદ્રિકાબેન તથા બ્ર.કુ. ભાઈ-બહેનો.



ધાનેરામાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' વૃક્ષ બચાવોના પ્લેકાર્ડ સાથે વૃક્ષારોપણ કરતાં બ્ર.કુ. રશ્મીબેન, બ્ર.કુ. હીનાબેન.



રાજકોટ મેહુલનગર ખાતે 'શ્રીમદ ભાગવત આધ્યાત્મિક સપ્તાહ'નું ઉદ્ઘાટન કરતાં સનસાઈઝ ફાઉન્ડેશનના ડાયરેક્ટર ભ્રાતા મનસુખભાઈ, BJPના મહામંત્રી ભ્રાતા હિરેનભાઈ, બ્ર.કુ. નલિનીબેન.




નવસારીમાં '૨૧ જુન યોગ દિવસે' સ્વાસ્થ્ય પુસ્તક વિમોચન કરતાં પૂર્વ વન મંત્રી ભ્રાતા મંગૂભાઈ પટેલ, યોગાચાર્ય દુષ્યંતભાઈ મોદી, બ્ર.કુ. ગીતાબેન તથા નયનાબેન મોદી.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૨ ઓગસ્ટ-૨૦૧૯ અંક : ૦૮

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ

- કર્મની ગહનગતિ ....................તંત્રી સ્થાનેથી ..04
- પ્રસંગ પરિમલ ....................07
- સરલાદીદીને શ્રધ્ધાંજલિ ....................બ્ર.કુ. નેહાબેન ..08
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..09
- મનસા સેવા ક્યારે થઈ શકે ? ....................દાદી જાનકીજી ..10
- રક્ષાબંધન ....................બ્ર.કુ. સરલાદીદી ..13
- શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ....................બ્ર.કુ. જગદીશચંદ્ર ..16
- દાદી પ્રકાશમણિજી - મારા દિલનો ....................બ્ર.કુ. મુન્નીબેન ..19
- દાદી પ્રકાશમણિજી - અલૌકિક મા ....................બ્ર.કુ. રાજુભાઈ ..21
- સમર્પિત અર્થાત્ સર્વંશ ત્યાગી ....................દાદી પ્રકાશમણિજી ..23
- ચિંતન ....................બ્ર.કુ. પિનાક ..24
- ગીત ....................બ્ર.કુ. જાનકીબેન ..26
- રુહાની યાત્રા ....................બ્ર.કુ. લીલાબેન ..27
- શ્રધ્ધાંજલિ ....................બ્ર.કુ. કિશોર ..28
- દિવ્યદર્શન ....................બ્ર.કુ. નંદિનીબેન ..29
- માફી છે કાફી ....................ડો. જયેન્દ્ર બારડ ..32
- કલ્યાણકારી શિવ ....................બ્ર.કુ. કરમશીભાઈ ..34

**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**

**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની સરલાદીદી**

**સ્થાનિક સેવાકેન્દ્ર**

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460, 2532 4660**

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

# કર્મની ગહનગતિ

ગીતાનું ઉપરોક્ત વાક્ય આપણને કર્મ કરવાની કળા શીખવાડે છે. મીઠા મીઠા શિવબાબા અને બ્રહ્માબાબાએ આપણને શ્રેષ્ઠ કર્મો આચરણમાં અભિવ્યક્ત કરીને બતાવ્યાં. આ ઈશ્વરીય જ્ઞાનમાં આત્મા, પરમાત્મા, સૃષ્ટિચક્રના જ્ઞાનની સાથે, કર્મોની ગહનગતિ - કર્મોના સિદ્ધાંતનું જ્ઞાન શિરોમણિ છે.

વાસ્તવિક જીવનમાં બનતી ઘટનાઓ કે શાસ્ત્રોમાં લખેલી વાતોને જે તે સ્વરૂપમાં ના સમજતાં તેને આધ્યાત્મિક, ગૂઢાર્થ - રહસ્યોથી સમજવાની જરૂર છે. જેની જેવી પ્રજ્ઞા તેવું તેનું અર્થઘટન. **કર્મનો સિદ્ધાંત એટલો વ્યાપક છે કે તેનાથી એક પણ માનવ છૂટી શકતો નથી. દુનિયાનાં કરોડો માનવોનાં કર્મોનાં જમા-ઉધારના હિસાબો ડ્રામા રાખે છે. એમાં સમય-સૂચકતા છે, કોઈપણ પ્રકારની ભૂલ થવાનો ભય નથી.**

આ વિષયને સમજતાં પહેલાં ભીષ્મ પિતામહ સાથે બનેલી બે ઘટનાઓનો ઉલ્લેખ કરું છું.

પાંડવો અને દ્રૌપદી બાણશૈયા પર સૂતેલા પિતામહની ખબર કાઢવા ગયાં. આ વખતે ભીષ્મ પિતામહ દ્રૌપદી પ્રત્યે અતિમાનની નજરે જોતા હતા. દ્રૌપદીથી રહેવાયું નહીં. તેણીએ પિતામહને પ્રશ્ન કર્યો કે જ્યારે ભરી સભામાં મારી લાજ લૂંટાતી હતી ત્યારે તમે કેમ કશુંયે કરી શક્યા નહીં? પિતામહે ખેદ પામીને ઉત્તર આપ્યો. બેટા, **એ વખતે હું દુર્યોધનનું અનાજ ખાતો હતો. તેના કારણે મારી મતિ મૂંઝાઈ ગઈ હતી.** હવે બાણશય્યામાં બધું જ રુધિર ચાલ્યું ગયું છે ત્યારે મને એ બાબતનો બહુ ખેદ થાય છે.

કૃષ્ણ ભીષ્મ પિતામહને મળવા ગયા. ભીષ્મ પિતામહે કૃષ્ણને પ્રશ્ન કર્યો કે હું પવિત્ર જીવન જીવું છું. શ્રેષ્ઠ કર્મો કરું છું આમ છતાં મારે આવી પીડા કેમ ભોગવવી પડી ?

કૃષ્ણે ઉત્તર આપ્યો. આ તમારાં વર્તમાનનાં કર્મોનું ફળ નથી પણ પાછલા જન્મના કર્મનું ફળ છે. ત્યારે તમે રાજા હતા. તમારી સવારી પસાર થઈ રહી હતી. તમારી સામેથી સાપ નીકળ્યો. જેને પકડાવીને તમે તેને જંગલમાં ફેંકાવી દીધો. જેમણે સાપને ફેંક્યો ત્યાં કાંટાળું ઝાળું હતું. સાપ એમાં ભરાઈ ગયો. તેને તેના શરીરમાં જેટલા કાંટા વાગ્યા, તેટલાં તીરથી તમારે વીંધાવ્યું પડ્યું.

કૃષ્ણે કહેલી કર્મકહાનીથી ભીષ્મ પિતામહ ભીંજાય ગયા. જે દિવસે સાપ મર્યો તેટલા દિવસે, ઉત્તરાયણના દિવસે ભીષ્મ પિતામહે દેહ ત્યાગ કર્યો. **સૃષ્ટિનાટક અદ્‌ભુત છે.** તેનું જ્ઞાન અદ્‌ભુત છે. **બ્રહ્માવત્સો પદ્માપદ્મ ભાગ્યશાળી છે કે વિશ્વના કરોડો આત્માઓમાંથી પરમાત્માએ તમને પસંદ કર્યા છે.**

## કર્મોનો સંબંધ

માનવ જ્યારે કર્મ કરે ત્યારે તેણે કર્મ કરતાં પહેલાં તેના આદિ, મધ્ય, અંતનો વિચાર કરવો જોઈએ. કર્મના સિદ્ધાંતને આંખો-બુદ્ધિ સામે લાવીને કર્મો કરવાં જોઈએ. બંદૂકમાંથી ગોળી નીકળે, બાણથી તીર નીકળે તો શા કામનું ? જે થવાનું છે તે થઈને રહેશે. **કર્મનો આધાર તમે કેવા વિસ્તારમાં રહો છો, કેવા સંગમાં રહો છો, કેવો ખોરાક ખાઓ છો તેના ઉપર આધારિત છે. આસપાસનું વાયુમંડળ ઉત્તેજક હોય છે.**

**સ્મશાનમાં જતાં વૈરાગ્ય આવે છે. થિયેટરમાં જતાં દૈહિક ભાવ, આકર્ષણ જન્મે છે. હોસ્પિટલમાં જતાં અસ્વસ્થ બની જવાય છે. જ્યારે સત્સંગમાં જતાં આનંદ મળે છે. આમ કર્મોનો સંબંધ આ પરિબળો પર આધારિત છે.**

## વર્તમાનની પ્રાપ્તિઓનો આધાર

વર્તમાન કે પાછલા જન્મમાં હોસ્પિટલ બંધાવી હશે, તો આરોગ્ય સારું રહેશે. શાળા કોલેજ બનાવ્યાં હશે, તો તમે વિદ્વાન, જ્ઞાની બનશો. અન્નક્ષેત્ર બનાવ્યું હશે તો કદી અન્નની અછત રહેશે નહીં. દાન કરેલું હશે તો ધન કદી ખૂટશે નહીં. ધર્મકાર્યો યોગ્યતા મુજબ કર્યાં હશે, તો તેનું ફળ સદ્‌ગુણોરૂપે મળશે.

## ઈશ્વરીય જ્ઞાન અને કર્મ

**કર્મનો સિદ્ધાંત અટપટો છે. બ્રહ્માવત્સ બનીને જો કોઈ ભૂલ કરીએ છીએ તો તેની સો ગણી સજા ભોગવવી પડે છે.**

## પરમાત્મા અલિપ્ત છે

કર્મ માનવ સાથે જોડાયેલાં છે. જેવું કર્મ તેવું ફળ. **કેટલાક સમર્થ બ્રહ્માવત્સો - જેઓ પવિત્ર જીવન જીવતા હતા, ઈશ્વરીય નિયમો અને મર્યાદાઓનું પાલન કરતા હતા. કોઈપણ પ્રકારનાં વ્યસનો નહોતાં આમ છતાં પણ તેઓને કેન્સર આદિ રોગોના ભોગ બનવું પડ્યું. આ પાછલા કર્મોનો હિસાબ કિતાબ છે. તેમાં પરમાત્મા વચ્ચે આવતા નથી.** એક વખત કર્મ કર્યા પછી તેના પરિણામથી છૂટી શકાતું નથી. જ્યારે **સંચિતકર્મો સમાપ્ત થઈ જાય છે. પ્રારબ્ધનો ક્ષય થાય છે. ત્યાર પછી પાછલા જન્મોનાં બાકી રહી ગયેલાં કર્મોનો હિસાબ કિતાબ શરૂ થાય છે. પરમાત્મા કોઈના ઉપર દયા કે કૃપા કરી શકતા નથી.** સૌ આત્માઓ એમનાં સંતાન છે. આમ છતાં **પરમાત્માના જ્ઞાન અને યોગથી અષ્ટશક્તિઓ મળતાં તેની પીડાનો અનુભવ થતો નથી.**

## પારિવારિક સંબંધો

**પરિવારમાં માતાપિતા, ભાઈઓ-બહેનો, મિત્રો, દરેકનાં પતિ-પત્નીઓ, સંતાનો વગેરે પણ ઋણાનુબંધથી આ સંસારમાં જોડાયેલાં છે. પાછલા જન્મોના કર્મોના આધારે સંબંધો સારા કે ખરાબ રહે છે. તેમાં કંઈ પણ પરિવર્તન થઈ શકતું નથી. જે પરિવર્તનો થાય છે તે પણ કર્મના સિદ્ધાંતને આધારે થાય છે.** હમણાં મધર ડે ઉજવાય ગયો. તે નિમિત્ત પ્રકાશિત હકારાત્મક લેખો એ વાતની પ્રતીતિ કરાવે છે કે કેટલાંક એવાં સંતાનો હતાં કે જેઓએ માતાપિતાની અથક સેવા કરી. નોકરી ધંધાને બાજુમાં રાખીને પણ માતા પિતાની સેવામાં ધન્યતાનો અનુભવ કર્યો.

અખબારોમાં એવી ઘટનાઓ પણ વાંચવા મળે છે કે સંતાનો માતાપિતા સાથે મારપીટ કરે છે. હડધૂત કરે છે. ખાવા પણ આપતાં નથી. વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે ને ક્યારેક હત્યા પણ કરે છે. આ સૌ ઋણાનુબંધથી બને છે.

## નોકરી-ધંધાના સંબંધો

**સંચિત કર્મોને આધારે સારા સ્થળે, સન્માનજનક નોકરી મળે છે.** ધંધામાં પ્રામાણિક, મૂલ્યોસભર જીવન જીવતા પાર્ટનર મળે છે. જ્યારે એનાથી વિપરીત નોકરીથી કંટાળેલા કેટલાક આત્મહત્યા (જીવઘાત) કરે છે. તો ધંધામાં અપ્રમાણિકતાને કારણે લોકો દેવાળું પણ ફૂંકે છે. દાદા લેખરાજ હીરા ઝવેરાતના પ્રસિદ્ધ વ્યાપારી હતા. સારા પાર્ટનરને કારણે ધંધામાંથી સરળતાથી મુક્ત થયા અને ઈશ્વરીય સંદેશ આપવાનું કાર્ય શરૂ કર્યું.

## કાર્ય પ્રમાણે કર્મોના સંબંધો

કર્મનો સિદ્ધાંત કર્મો સાથે જોડાયેલો છે. કાયદાને જાણકાર વકીલો ભૂલો કરે છે તો તેમને વિશેષ સજા મળે છે. લશ્કરમાં નોકરી કરનારને ભૂલની સજા આકરી મળે છે. લોકોના જાનમાલને રક્ષવાનું કામ કરનાર પોલીસ સ્વાર્થમાં ફૂટી જાય છે તો તેની તેને સજા મળે છે.

એક ન્યાયાધીશ સવારે ફરવા નીકળ્યા. રસ્તામાં એક માનવે બીજાનું ખૂન કર્યું. ન્યાયાધીશ ખૂનીના ચહેરાને ઓળખી ગયા હતા. પોતાની સામે જ કેસ ચાલ્યો. તેમાં કાયદાની આંટીઘૂંટીને વકીલોની દલીલોને કારણે ન્યાયાધીશે જોયેલા ચહેરાને બદલે અન્યને સજા મળી. ન્યાયાધીશે ચેમ્બરમાં બોલાવીને જેને સજા મળી હતી તેને પૂછ્યું. ગુનેગારે કહ્યું કે સાહેબ, આ ખૂન મેં કર્યું નહોતું. પહેલાં મેં એક ખૂન કર્યું હતું. તેમાં નિર્દોષ છૂટી ગયો હતો. ન્યાયાધીશને સંતોષ થયો કે કર્મનો સિદ્ધાંત એની રીતે કામ કરે છે.

### સાવધાની

**પ્રત્યેક માનવે કર્મનો સિદ્ધાંત યાદ રાખીને કર્મ કરવું જોઈએ. યજ્ઞની સ્થાપના 1936માં થઈ. સંગમયુગ સો વર્ષનો છે. 2036માં સંગમયુગ પૂરો થશે. બાબાએ કર્મની ગતિનું જ્ઞાન આપ્યું છે.**

**'કર લે માનવ કર્મ કી તૂ પહચાન'**

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

- **જેને સ્વમાનનું અભિમાન નથી તે સદા નમ્રચિત્ત રહે છે.**
- **બુરાઈની સ્પર્ધા છોડીને સારાપણાની સ્પર્ધા કરો.**

(પેજ નં. 09નું અનુસંધાન)...

કહીશ કે આપ આટલો ગુસ્સો કેમ કરી રહ્યા છો ?

કારણ કે મારી એમના પ્રત્યેની વૃત્તિ સારી છે. પણ મારી વૃત્તિ આપના પ્રત્યે એ છે કે આ પ્રકારનો વર્તાવ મને પસંદ નથી. તેથી મારી વૃત્તિ ક્રિયાના આધારે છે. એને મેં આપના પ્રત્યે જન્માવી હતી. આપણે કોઈને જોઈએ છીએ ત્યારે વ્યવહારની દૃષ્ટિથી જોઈએ છીએ શબ્દ કે કર્મના આધારે નહીં. વિચાર, અનુભૂતિ અને વૃત્તિ આ ત્રણેય ક્રિયાઓ આપણામાં પહેલેથી જ થઈ ગઈ હોય છે. જ્યારે કોઈ ક્રિયા વારંવાર થાય છે તો આપણી વૃત્તિ પણ તેવી જ થઈ જાય છે. દા.ત. મેં એકવાર આપની સાથે ગુસ્સાથી વાત કરી, બીજી વાર પણ ગુસ્સાથી વાત કરી, ચાર વખત ગુસ્સાથી વાત કરી તો મારી એ ટેવ બની ગઈ કે જ્યારે વાત કરવી છે તો ગુસ્સાથી જ કરીશ.

પછી આ ટેવ સૌના માટે બની જશે. એવી પણ પરિસ્થિતિ આવશે કે મને મારા ઉપર જ ગુસ્સો આવી જશે. પછી ધીરે ધીરે આ મારા સંસ્કાર બની જશે. આપણે ઓફિસમાં કહ્યું કે ગુસ્સાથી જ કામ કરવું પડે છે. જ્યારે હું ઘેર આવીશ તો બાળકો સાથે કઈ રીતે વાત કરીશ ? ગુસ્સાથી જ કરીશ. બધી આદતોને મિલાવીને મારું તેવું જ વ્યક્તિત્વ બની ગયું. હું જેવા વિચારો ઉત્પન્ન કરીશ તેવું મારું વ્યક્તિત્વ બનશે.

॥ ઓમશાંતિ ॥

- **મનને પ્રભુની થાપણ સમજીને એને શ્રેષ્ઠ કાર્યોમાં જોડી દો.**
- **પ્રેમના સાગર બાપના બાળકો પ્રેમની ભરપૂર ગંગા બનીને રહો.**
- **ધર્મમાં સ્થિત થઈને કર્મ કરનાર જ ધર્માત્મા છે.**

# પ્રસંગ પરિમલ

સંસ્કૃત શ્લોકનો અનુવાદ છે. 'માણસે દિવસે એવાં કામ કરવાં જોઈએ કે જેથી રાત નિરાંતે જાય. આઠ મહીના એવું ને એટલું કામ કરવું કે ચોમાસામાં આરામથી રહી શકાય. જુવાનીમાં એવી રીતે જીવવું કે ઘડપણમાં પસ્તાવું ન પડે અને આખું જીવન એવી રીતે જીવવું કે જેથી પરલોક સુધરે.'

### જીવનબોધ

બ્યુટીપાર્લરનાં એક બહેને એક સદ્‌ગૃહસ્થને બોલાવ્યાં. બહેન બોલ્યા, જુઓ મહાશય, તમારા વાળ ધોળા થઈ ગયા છે. તમે આ ખુરશીમાં બેસો. ઘડીકમાં હું તમારા આ ધોળા વાળને કાળા ભમ્મર કરી દઈશ. મૂંઝાશો નહીં. આ માટે તમારે કોઈ કિંમત ચૂકવવી નહીં પડે. ડેમોન્સ્ટ્રેશન કરવા માટે સામેથી હું તમારા વાળને રંગવાની શીશી ભેટ આપીશ.'

સદ્‌ગૃહસ્થ બોલ્યા, 'માવડી મારા, માથાના આ કાળા વાળને ધોળા કરવા માટે મેં મારી જિંદગીનાં મહામૂલાં પચાસ પચાસ વર્ષો ખરચ્યાં, તે આમ પાણીના મૂલે ઘડીકમાં એને કાળા કરાવી દઉં ના માવડીનાં.'

**- રસિકભાઈ ઝવેરી**

### જીવનબોધ

એક વિદેશી સજ્જને સંત વિનોબાને કહ્યું, 'અમારા દેશમાં અમે સો સો માળનાં ગગનચુંબી મકાનો બાંધ્યાં છે. આ મકાનો એટલાં બધાં વિશાળ છે કે તેમાં બધા જ પ્રકારની સગવડ ઊભી કરી શક્યા છીએ. જીવન જરૂરિયાતની બધી જ ચીજો ઉપરને ઉપરથી મળી શકે. તેવાં બજારો પણ ઊભાં કરાયાં છે. મનોરંજન માટેનાં થિયેટરો પણ ઉપર બંધાવી લીધાં છે. બધું જ ઉપરથી મળી રહે.'

વિનોબાએ માર્મિક રીતે કહ્યું 'બહુ સરસ બધું જ ઉપર મળે. પણ હવે એમાં એકવાત જોડી દો. અત્યારની પરિસ્થિતિમાં માણસ મરી જાય ત્યારે શરીરને દફનાવવા માટે તમારે ધરતી પર નીચે આવવું પડતું હશે, તો હવે તેની વ્યવસ્થા પણ ઉપર જ કરી લો તો કેમ ?

### પ્રેરણા

'આ બધી સફળતાનું રહસ્ય આત્મ-નિયંત્રણ છે. પોતાનો પોતાની જાત પરનો કાબૂ છે. તમે આ કાબૂ કરી દેખાડો તો સમજું કે તમે કેળવાયેલા માણસ છો. આ સિવાયની બધી કેળવણી ધૂળ છે.'

**- આર. ડી. હિચકોક**

### ભારતગૌરવ

એક વિદેશી બહેનને પૂછ્યું, 'તમને અમારા ભારતીય જીવનમાં સૌથી વધારે શું ગમ્યું ? ત્યારે ભીની આંખોએ એ બહેને મને જવાબ દીધેલો તે હું ક્યારેય ભૂલી શકતી નથી. એ કહે, 'બહેન, જો મને પ્રભુ પૂછશે કે તારે તારો આવતો જન્મ ક્યાં લેવો છે ? તો હું કહીશ કે ભારતમાં કારણ ? કારણ એ કે તમારા આ ભારતમાં કુટુંબ નામની ચીજ છે. અને એને લીધે બાળકોને પ્રેમ અને હૂંફ સતત સાંપડતાં રહે છે.'

**- મીરાં ભટ્ટ**

### મુક્તક

બાની સાથે ગયું બાળપણ, ગામ જવાની હઠ છોડી દે વસ્તી વચ્ચે વિસ્તરતું રણ, ગામ જવાની હઠ છોડી દે નથી વાવતો ભાઈ મકાઈ, ગામ જવાની હઠ છોડી દે લોહી ખરું પણ નથી સગાઈ, ગામ જવાની હઠ છોડી દે.

**- મણિલાલ હ. પટેલ**

# સરલાદીદીને શ્રધ્ધાંજલિ



બ્ર.કુ. નેહાબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

**સ**રલ સ્વભાવ તમારો. સહનશક્તિ અપાર. સમાવો સાગર થઈને. સર્વનો કર્યો સત્કાર. સત્ય પથ પર ચલાવ્યાં. સર્વને આપ્યો સ્નેહ. સદગુણોથી કર્યાં સમૃદ્ધ. સમજણ શક્તિ દાદ માગી લે તેવી.

**ર**હેમદિલ. રસમ નિભાવી યજ્ઞની. રહ્યાં જેવાં હતાં તેવાં. રસ રુહાની પીધો. રસના જીતી અપાર. રવાડે ચઢેલા જે માયાના દીધો સાચો રાહ.

**લા**ખોમાં એક. લાડ લડાવ્યાં સૌને. લાખ લાખ શુક્રિયા આપને. લાગો યજ્ઞમાં અનોખાં. લાગણીસભર સૌ પ્રત્યે. લાલ બનાવ્યા અનેક. લાજ રાખી બ્રહ્માવત્સની.

**દી**ન હીન પ્રત્યે દયાળુ. દીનાનાથનાં સંતાન. દીધો સૌને સ્નેહ અપાર. દીવા પ્રગટાવ્યા આત્માના. દીસો દિવ્યતાની મૂરત. દીદાર કરાવો દેવીનો. દીસો અન્નપૂર્ણાનો અવતાર.

**દી**સો દિવ્ય દેવી. દીધો દયાનો રાહ. દીવાલો તોડી દેહની. દીધાં ગુણોનાં દાન. દીધાં જીવનમુક્તિનાં દાન. દીપ પ્રગટાવ્યા દેશ અને વિદેશોમાં. દીદી તમારા દિવ્યપ્રેમને ભૂલીએ શી રીતે ?

**ને**હ ભરેલાં નયન તમારાં. નેહાબેનને બનાવ્યાં સક્ષમ. નેહથી નીરખો. નેમીનાથને નિયમિત કરી આપ્યું સાચું જ્ઞાન. નેત્ર વિના નીરખ્યા શિવભગવાન. નેણ તમારા અપાવે મુક્તિ જીવનમુક્તિ રાહ.

**શ્ર**વણ કર્યું શિવવાણીનું. શ્રધ્ધા શિવ પર અપાર. શ્રવણ સમાં કાર્ય કર્યાં. શ્રમ કર્યો અપાર. શ્રવણ કરવા ઉત્સુક આપને. શ્રધ્ધાથી બ્રહ્માવત્સો બન્યા અપાર. શ્રધ્ધાથી સૌને જોયાં.

**ધ્ધાં** ધ્યાન ધરો શિવનું સદા, દેહ દુનિયા સુધ્ધાં આવી નહીં યાદ, સિદ્ધાંતોમાં રહીને જીવ્યાં. શીખવાડ્યું અનેકને, સિધ્ધાંતો શિવના સમજાવ્યા, જ્ઞાની અજ્ઞાની, અમીર-ગરીબ સુધ્ધાં આપ્યો સ્નેહ.

**જ**ગે ઘૂમ્યાં. જમાડ્યાં જ્ઞાનભોજન. જન-જનને આપ્યો પ્રેમ. જગાડ્યાં અજ્ઞાન અંધકારથી. જશને વિસરીને સેવા કરી અપાર. જમાનો તમને વંદી રહેશે વારંવાર. જગતને જોયું દિવ્યનેત્રો થકી.

**લિ**ખિતન જોવા નહીં મળે બુલેટીનમાં. લિમિટ બનાવી લક્ષ્મણ રેખાની. લિમિટમાં ના રહ્યાં. સૌને રાખ્યાં સાથે. લિસોટો તેજનો બતાવી સરકી ગયાં દીદી.

**॥ ઓમશાંતિ ॥**

### પ્રસન્નતાના પથ પર

# જેવા વિચાર તેવું વ્યક્તિત્વ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



ધારી લો કે અચાનક કાર્યાલયમાં કંઈક ઉપર નીચે થઈ ગયું. લોકો ઘણા જ નકારાત્મકતામાં જઈ રહ્યા છે. કોમ્પ્યુટર ખરાબ થઈ ગયું છે. એમાં ઘણી બધી માહિતી હતી. આપ તરત જ એક મિનિટ થોભી જાઓ અને કહો કે સંજોગોવશાત્ આમ થયું. હું જોઉં છું, હું આ સમયે શું કરી શકું છું. આપ તે સમયે સંકલ્પ કરવા માટે ગંભીર હશો કે આપ કયા પ્રકારના સંકલ્પ કરી રહ્યા છો. આપણામાં જે પહેલી ચીજ ઉત્પન્ન કરીએ છીએ તે વિચાર હોય છે. જે પ્રકારે આપણે વિચારીશું તેવી અનુભૂતિ થશે. આ બંનેમાં કદી અંતર પડશે નહીં. આપ હકારાત્મક સંકલ્પ કરો છો તો સારી અનુભૂતિ થશે. નકારાત્મક સંકલ્પ કરશો તો નકારાત્મક અનુભૂતિ થશે. તમે હકારાત્મક સંકલ્પ કરો અને આપને નકારાત્મક અનુભૂતિ થાય તેવું નહીં બને. આ શક્ય જ નથી.

બહારનું પરિવર્તન લાવવાને બદલે આપણે અંદરનું પરિવર્તન કરીએ. જો હું તકલીફમાં છું ત્યારે મને એવું લાગશે કે તમે આમ કર્યું તેથી હું તકલીફમાં છું. મારે મારી તકલીફ (દર્દને) દૂર કરવી છે આપણે આપણી સાથે પ્રેમથી બેસીને પોતાના વિચારોની ગુણવત્તા બદલવી પડશે. જેમ જેમ હું હકારાત્મક બનીશ તેમ તેમ આપના પ્રત્યે મારો દૃષ્ટિકોણ બદલાતો જશે.

હું કઈ વાતને કઈ રીતે લઉં છું તે મારા પર આધારિત છે. ધારો કે આપણી આસપાસના બધા લોકો ગંદા છે, ખરાબ છે. તો આપ વિચારો કે અહીં તો બધા જ ખરાબ લોકો છે તો શું એમના કારણે જીવનભર દર્દમાં રહું ? શું હું બધા લોકોને બદલી શકું છું ? ના.

જો મારે સારી અનુભૂતિ કરવી છે તો મારે સારા સંકલ્પ કરવા પડશે કે મારી આજુબાજુના લોકો સારા છે. જો મારા વિચારો નકારાત્મક છે તો મને સારા લોકો પણ ખરાબ લાગશે. પછી તો કોઈપણ સારું લાગશે નહીં. લોકો તો એના એજ છે પણ મારા વિચારના દૃષ્ટિકોણ મુજબ તેઓ મને દેખાય છે. જેવું વિચારશો. તેવી અનુભૂતિ થશે. લોકો પ્રત્યે આપણે જેવું વિચારીશું તેવી વૃત્તિ બનશે. આ તો છે જ આવા. એમ વિચારતાં વિચારતાં વિચારોની એક સાંકળ બની જશે.

એક વ્યક્તિ પાસેથી કોઈ સારી અનુભૂતિ કરી શકે છે. વ્યક્તિ તો તેજ છે પરંતુ એના પ્રત્યે અલગ અલગ પ્રકારની અનુભૂતિ થઈ શકે છે. પછી અલગ અલગ લોકોનો આપના પ્રત્યે અલગ દૃષ્ટિકોણ રહેશે. જ્યારે તમે તો તેજ છો. આપ એનામાં પ્રવેશીને અનુભૂતિ ઉત્પન્ન કરી શકતા નથી. પણ હું તેના વિશે જે વિચારું છું તે મુજબ આપની વૃત્તિ બનતી જાય છે. જેવી મારી આપના પ્રત્યે વૃત્તિ હશે તેવી જ હું આપની સાથે વાત કરીશ. પછી એવો જ આપના પ્રત્યે મારો વ્યવહાર હશે. પછી તેવું સ્વાભાવિક રીતે મારા કાર્યમાં આવી જશે. જેઓ મને સારા લાગે છે એમના પ્રત્યે હું સારી રીતે વાત કરીશ. તેઓ ગુસ્સો કરતા હશે તો પણ હું એમની સાથે પ્રેમથી વાત કરીશ. હું

(અનુસંધાન પેજ નં. 06 પર)

# મનસા સેવા ક્યારે થઈ શકે ?

## રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



મનને શાંતિધામનું ઘણું આકર્ષણ છે એટલે મન શાંતિ માગે છે. સુખધામ તો પાછળથી મળશે પરંતુ પહેલાં દુઃખને દૂર કરવા માટે ઘણી ગહનશાંતિ જોઈએ. તો દિલથી સ્વાભાવિક રીતે શાંત રહો. તે સદાને માટે આપણી સ્વાભાવિક શાંતિની સ્થિતિ બની જાય. જેટલો શાંતિમાં રહેવાનો રસ જાગશે એટલું પોતાની મેળે અશાંત થવાનું દૂર થતું જશે. શાંતિનું કેટલું બધું મૂલ્ય છે. સ્વમાનમાં પણ રહીએ છીએ. બાબાની નજીક પણ રહીએ છીએ અને પરસ્પર શાંત રહેવાથી શાંતિની વિશેષ કિંમત સમજાય છે. આજકાલ સર્વ લોકો એ સમજે છે કે મૂલ્યો વિના ચાલવું મુશ્કેલ છે. જીવનનાં મૂલ્યો નથી તો સંગઠનમાં ચાલવાનું અને એકલા રહેવાનું પણ કપરું લાગે છે. સેવામાં જે શરૂઆતમાં મોજ હતી, સેવાઓમાંથી જે સુખ મળતું હતું તે અત્યારે નથી. શા માટે ? કારણ કે પરસ્પર જે સ્નેહ હોવો જોઈએ તે નથી. તો આ સર્વનો ઉપાય શું છે ?

મનની શાંતિ કઈ રીતે આવે ? વાણી પર અંકુશ જોઈએ. મારે શું બોલવું જરૂરી છે. શું બોલવા જેવું નથી. તો જે સમજુ છે તે વાણી ઉપર ધ્યાન આપશે. એ રીતે જે જ્ઞાનમાં સમજદાર છે, જેમાં સચ્ચાઈ અને ગંભીરતા છે તે સંકલ્પો પર પણ સારી રીતે ધ્યાન આપે છે. જો મારે ખરેખર શાંત રહીને શાંતિ ફેલાવવી છે તો પહેલાં પોતાના મનમાં શાંતિ હોય. એવી શાંતિ હોય જેથી અશાંતિનો કદી મારા ઉપર ઘેરાવ ન આવે. અશાંતિને લીધે દુઃખ થાય છે. જે કેટલાયે જન્મોનાં દુઃખ હતાં તેતો છોડ્યાં. પણ આ જન્મમાં પણ બિચારા કેટલાયે પ્રકારના ધન, સંબંધ, શરીર, દુનિયાના વાતાવરણથી છેતરાઈ છેતરાઈને દુઃખી છે. એટલે તેઓ જલદી શાંત થઈ શકતા નથી. જો આપણી અંદર પણ કોઈ પ્રકારનું દુઃખ છે, તો એ દુઃખને પણ દબાવી શકતા નથી. દબાવવાથી પણ દુઃખ જતું નથી. બહારથી કહેશે હવે સારું છે પરંતુ અંદરથી તો એ નહીં કહે કે હું સારી રીતે ઠીક છું. અંદરનું દુઃખ કઈ રીતે નીકળશે ? જ્યાં સુધી આપણે મનને જ્ઞાન મંથન કરી તેનું માખણ ખવડાવીને તંદુરસ્ત બનાવ્યું નથી ત્યાં સુધી અંદરનું દુઃખ નીકળી શકતું નથી. અંદરથી પોતાને સમજીને, બાબા સાથે સારો ગહનસંબંધ જોડેલો હોય, કોઈની સાથે કોઈ અણબનાવ ન હોય ત્યારે મનસા સેવા કરી શકીશું. જ્યાં સુધી સુખમય શાંતિ, પ્રેમમય શાંતિ, શક્તિમય શાંતિ અંદર નથી ત્યાં સુધી મનસા સેવા કઈ રીતે થશે ? પહેલાં સંકલ્પ પર ધ્યાન આપો, તો વાણી અને કર્મ પણ એવાં જ બનશે. આપણામાં જે સૂક્ષ્મમાં પણ ચીડિયાપણાના અને બોજપૂર્ણ બનવાના સંસ્કાર-સ્વભાવ છે તે મનને શાંત થવા દેતા નથી. આપણા સંબંધમાં જે આવે એનું દુઃખ ચાલ્યું જાય તેવી આપણામાં શાંતિ હોવી જોઈએ. એની ભાવના પૂર્ણ થઈ જાય. એને પ્રેમ અને સહારો મળી જાય. સામે આવતાં જ એને બળ મળી જાય. ઘણા સમયથી અપસેટ યા અસંતુષ્ટ રહેવાનો સ્વભાવ પણ શાંત રહેવા દેતો નથી. સ્વયંનો સ્વભાવ પણ દુઃખ અને અશાંતિ માટે કારણરૂપ બને છે. તેમાંયે બીજાનો સ્વભાવ વધારે દુઃખ આપે છે. કોઈ એક આત્માના

સ્વભાવ અનુસાર પણ અનુકૂલન સાધવામાં તકલીફ પડે છે. થોડો પણ કડક સ્વભાવ ધરાવનારની સાથે રહેવું પણ કપરું લાગે છે. પણ સ્વયંને સમજીને એકબીજાને સમજીને આદર આપીને ચાલવાથી કોઈના વ્યક્તિત્વના દબાણ યા પ્રભાવથી દુઃખી અશાંત થવાની આપણી જે ટેવ છે એને આપણે સુધારી શકીએ છીએ જેથી એમના વ્યક્તિત્વમાં પણ આપમેળે પરિવર્તન આવી જાય.

તો પોતાની મનસાને સારી રીતે સમજાવો. આપણી જે ખામી છે, જેનો આપણે એકરાર કર્યો નથી એને પણ સારી રીતે ચેક કરીને પરિવર્તન કરી લો. સ્વયંની ખામીને અંતર્મુખ બનીને જોઈએ. પોતાની વિચારધારા શ્રેષ્ઠ છે, તો બહારવાળા પણ તેને સમજે છે. આહાર, વિચાર, વ્યવહાર શુદ્ધ થવાથી જ શાંતિ એકઠી થાય છે. જેનામાં સૂક્ષ્મ આસક્તિ, ઈચ્છા છે એની પાસે શાંતિ કઈ રીતે આવી શકે છે. જ્યારે અનાસક્ત વૃત્તિ હોય ત્યારે મનસા સેવા થઈ શકે છે. તો બાબાએ આપણને સર્વને શક્તિ આપી છે. જ્યારે સ્વયંની સ્થિતિ શાંત હોય ત્યારે જ તે કામ કરે છે. સ્વયંને થોડા પણ દુઃખી કે અશાંત બનવું પડે તેવી એક પળ પણ ન હોવી જોઈએ. દુઃખી અશાંત થયા અર્થાત્ રુહાની કમાણીમાં ખોટ પડી. જે દુનિયા કહે છે, કરે છે તે આપણે કરતા પણ નથી અને કહેતા પણ નથી. એકદમ ન્યારા છીએ. દુનિયા પણ જુએ છે કે આ ન્યારા છે. જે બાબા દ્વારા મળ્યું છે, દિલમાં સમાવેલું છે તે સ્વરૂપમાં આવ્યું છે.

વેરભાવ રાખવો, નિરર્થક કોઈની ટીકા કરવી, સ્પર્ધામાં આવવું, દલીલો કરવી, ઈર્ષ્યામાં આવીને કોઈને પાડવા... આનાથી પોતાને જ નુકસાન થાય છે. તો પહેલાં આ વાતો જરા સમજો ત્યારે પોતાની મનસાને સારી રાખી શકશો. બસ હવે એટલી જ ધૂન હોય 'આપણી અંત મતિ સારી હોય' અંત મતિ ઘણા સમયના આધારથી થશે. એની સાબિતી અત્યારની સ્થિતિ આપશે. જો અત્યારે આપણી સ્થિતિમાં ગરબડ છે તો શંકા છે. તેથી હવે કોઈની સાથે કોઈ હિસાબ-કિતાબ ન રહે. આ ધ્યાન રહે તો આપણા સંસ્કાર શ્રેષ્ઠ બને. સૂક્ષ્મ કોઈ ઈચ્છા-મમતા જન્મી અર્થાત્ જૂના સંસ્કાર છે. જે સ્વભાવવશ જોઈ શકાય છે. તે નષ્ટ થઈ જાય. એક તરફ ત્યાગવૃત્તિ હોય, તપસ્યામૂર્તિ બનીએ ત્યારે મનસાસેવા કરી શકીશું.

તો દિલથી જે કરો તેમાં ભાગ્ય છે, મહેનત નથી હિંમત આવે છે, સાચું દિલ છે, સાહેબ (પરમાત્મા) રાજી છે તો દુઆઓ છે. મનસા સેવા કરવા માટે આપણી મનસા સૌ પ્રથમ સર્વશક્તિઓથી સંપન્ન હોય. અષ્ટ શક્તિઓમાંથી એક પણનો અભાવ ન હોય. કોઈ મૂલ્યનો અભાવ છે. તો સ્વયંમાં પહેલાં માનસિક શક્તિ હોય અર્થાત્ મનસા ક્યારેય પણ અપસેટ યા દુઃખી ન હોય. દરેક બાબતનો સામનો કરી શકે એટલી શક્તિઓ તો હોવી જ જોઈએ. સહન પણ કરી શકે, તો સંતુષ્ટ પણ રહી શકે. સર્વશક્તિ હોય. મારાથી આ નહીં થાય એવું કોણે કહ્યું ? જેનામાં જ્ઞાનનો અભાવ છે. પોતાની કમજોરીથી એ વાતને સમજી શકતા નથી, તેથી કોઈને દોષ આપીએ છીએ. સામનો કરવાનું પણ શા માટે વિચારીએ ? એ પળે શાંત તો રહીએ. તે અપમાન કરે, તમે સન્માન આપો. બાબાએ જે કર્યું તે તો આપણે કરવાનું છે. તે આપણે કરતા નથી એટલે દુઃખી થઈએ છીએ. જે અપમાન સહન કરી શકતા નથી તે મનસા સેવા શું કરશે ?

આટલી સારી સારી વાતો વિચારવા અને કરવા માટે છે. એમાં મનસાને વ્યસ્ત ન રાખતાં બીજી વાતોમાં વ્યસ્ત રાખશો તો શું થશે ? પછી મોં ધોવા માટે મોટાઓની પાસે આવવું પડશે. તો

જ્યારે મન સારું હોય, સદા સંતુષ્ટ હોય ત્યારે આપણે મનસાસેવા કરવા માટે યોગ્ય બનીએ છીએ. જે કામલાયક હોય તેવા વિશે જ વિચારો. એટલા માટે કદી બીજાના ભાગ્યથી દુઃખી થશો નહીં. બીજાના ભાગ્ય સાથે નારાજ થનાર કદી પોતાનું ભાગ્ય બનાવી શકતા નથી. દરેકનાં પોતપોતાનાં કર્મ અનુસાર, ત્યાગ અનુસાર ભાગ્ય છે એટલે એનાથી નારાજ થશો નહીં એના ગુણ ભલે ઉઠાવો પણ તમે તમારું વિચારેલું કરો. બીજાના ભાગ્યથી નારાજ થવું અર્થાત્ પોતાના ભાગ્યને ગુમાવવું. હું જે છું. જેવો છું. આપનો છું. આપ મને ચલાવી રહ્યા છો. આપની શ્રીમતથી હું આગળ વધી રહ્યો છું. વધતો રહીશ. કોઈ વાત કોઈ કારણથી પણ રોકે છે યા હું રોકાઈ જાઉં છું તો એમ નહીં કહીએ કે તે રોકે છે. પણ હું રોકાઉં છું. દોષ મારો છે. તો પહેલાં બ્લોકેજ, બોન્ડેજ અને બેરિયર હટાવો.

પોતાને સમજાવીને મજબૂત બનવાનું છે. કઠોર નહીં બનો પણ મજબૂત બનો. આવી શક્તિશાળી મનસા બનાવવા માટે સાથ અને હાથનો અનુભવ બેકબોનનો અનુભવ થશે. મારા મસ્તક ઉપર પણ બાબાનો હાથ છે. આપણા બેકબોન પણ છે. છત્રછાયાથી ચલાવી રહ્યા છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 20નું અનુસંધાન)...

પણ સંભળાવતાં હતાં. જ્યાં સુધી સ્વસ્થ રહ્યાં ત્યાં સુધી સ્વયં મુરલી સંભળાવતાં હતાં. તે વખતે છેલ્લાં 15 માસથી દાદીની તબિયત નરમગરમ રહેતી હતી. તેઓ દેહમાં રહેવા છતાં દેહથી ન્યારી ફરિશ્તા સ્થિતિમાં રહેતાં હતાં. ગમે તેટલી તકલીફ હોય પણ પૂછતાં તેઓ કહેતાં કે હું સ્વસ્થ છું. એક દિવસ તો કહ્યું હું ઘણી સુખી છું. તેઓ આ દુનિયામાં રહેવા છતાં અશરીરી અવસ્થામાં રહેતાં. તેઓ સંપૂર્ણતાની દેવી બની ચૂક્યાં હતાં. હું એમની સેવા કરતી ત્યારે મને લાગતું કે હું વતનવાસી ફરિશ્તાની સેવા કરી રહી છું. એમના અંતિમ દિવસોમાં ભાઈબહેનો દાદી કોટેજની બારીમાંથી, કાચમાંથી એમનાં દર્શન કરતાં હતાં. ત્યારે દાદીજી કહેતાં સૌ લાઈનમાં આવે અને ટોલી (પ્રસાદ) લઈને જાય. દરેક બ્રહ્માવત્સ સાથે એમનો જિગરી પ્રેમ હતો. દાદીજીનો હસતો ચહેરો અને પ્રેમભર્યાં નયન કદી ભૂલાશે નહીં. દાદીજી મારા દિલનો ધબકાર હતાં જેઓ સદા મારી સાથે છે. સદા મારી સાથે રહેશે અંતમાં કહું કે

'વો દિન કહાં સે લાઉં,
તેરી યાદ જો ભૂલાયે.'

॥ ઓમશાંતિ ॥

- **સફળતામૂર્ત બનવું છે તો સ્વ સેવા અને અન્યની સેવા સાથે સાથે કરો.**
- **નૉલેજફુલ એને કહેવાય જેના એકપણ સંકલ્પ તથા બોલ વ્યર્થ ના જાય.**
- **મનસા અને વાચા સેવાઓ સાથે સાથે કરો તો ડબલ ફળ પ્રાપ્ત થતું રહેશે.**

- **પરમાત્મા પિતાના આજ્ઞાકારી બનીને રહો, તો ગુપ્ત દુઆઓ સમય પર મદદ કરતી રહેશે.**
- **પોતાની દરેક ચલન (વ્યવહાર)થી પરમાત્માનું નામ બાલા (પ્રસિદ્ધ) કરનાર જ સાચા સાચા ખુદાઈ ખિદમતગાર છે.**

# રક્ષાબંધન

રાજયોગિની બ્ર.કુ. સરલાદીદી, પૂર્વ ડાયરેક્ટર, ગુજરાત ઝોન, સુખશાંતિ ભવન, અમદાવાદ.



રક્ષાબંધનના દિવસે બહેનોના હૈયાઓમાં ભાઈઓ પ્રત્યે કલ્યાણકારી સંકલ્પોની હારમાળાઓ ચાલે છે. ભાઈઓ સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે તેવી લાગણીઓના સૂરો હૃદયવીણામાંથી ઉઠતા હોય છે. મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. સમાજમાં માનવ સામે અવનવા પ્રશ્નોની વણઝાર આવતી હોય છે. સ્વયંની સલામતીની, રક્ષણની પણ અપેક્ષા રહે છે. બહેનોના હૃદયમાં ભાઈઓ પ્રત્યે દિવ્ય, પવિત્ર સ્નેહની સરવાણીઓ વહેતી હોય છે. લાગણીના સૂત્રમાં બંધાયેલ બહેનોના દિલમાં ભાઈઓ પ્રત્યે મંગલકારી ભાવનાઓ જન્મે છે. ભાઈ કોઈ ભેટ સોગાદો આપે તે કરતાં બહેનોની ભાવનાનું પલ્લુ વધારે નમતું હોય છે. નિર્દોષ પ્રેમની, નિ:સ્વાર્થ પ્રેમની લાગણીઓ આ વિશ્વને દિવ્યતાની અનુભૂતિ કરાવે છે. આ લૌકિક વિશ્વમાં લૌકિક દૃષ્ટિકોણથી ઉજવાતા આ તહેવારમાં બહેનોની ભાવનાઓ સીમિત હોય છે. જ્યારે પરમપિતા શિવ પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના તનમાં દિવ્ય અવતરણ કરીને તહેવારોનાં આધ્યાત્મિક રહસ્યો સમજાવેલાં છે. તેથી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં રાજયોગનો અભ્યાસ કરતાં ભાઈ-બહેનોની ભાવનાઓ, વિચારધારાઓ હદમાંથી બેહદ તરફ પ્રયાણ કરે છે. પરમપિતા શિવ પરમાત્માએ જે બહેનો-કન્યાઓ માતાઓના શિરે જ્ઞાનનો કળશ મૂક્યો છે તે બહેનોની ભાવનાઓ લૌકિક દુનિયાનાં હદનાં બંધનોને વટાવીને સમગ્ર વિશ્વને પરિવાર ભાવથી જુએ છે. આ વિશ્વમાં વસતા તમામ આત્માઓ એક જ પરમપિતા પરમાત્માનાં સંતાનો છે. તેથી वसुधैव कुटुम्बकम् ની ભાવનાનું મૂર્ત સ્વરૂપ દિવ્ય અલૌકિક જીવન જીવનાર બહેનોમાં જોવા મળે છે. સર્વ આત્માઓ ઈશ્વરીય સંતાન હોવાને નાતે ભાઈ-ભાઈ છે. જ્યારે દેહદૃષ્ટિ લુપ્ત થાય છે ત્યારે કેવળ આત્મિક ભાવની પવિત્ર દૃષ્ટિ જ રહી જાય છે. તેથી હવે આ બહેનો સમગ્ર વિશ્વના આત્માઓને ભાઈ-ભાઈની દૃષ્ટિથી નિહાળે છે. જ્યારે હાડમાંસના બનેલા, પાંચ તત્ત્વોના પૂતળાં આ દેહની વિસ્મૃતિ થાય ત્યારે જ વાસ્તવમાં પવિત્ર પ્રેમની ભાવનાઓ જન્મે છે. જ્યાં લૌકિક સંબંધોની ગંધ આવે છે ત્યાં દેહભાનની દુર્ગંધ આવ્યા વિના રહેતી નથી. તેથી આ બહેનોની દૃષ્ટિમાં દિવ્યજીવનના પંથે પ્રયાણ કરતાં જ લૌકિક સંબંધોની હદની સૃષ્ટિ સમાપ્ત થઈ જાય છે. મનના સાંકડા ભાવો વિરાટની વાટે ગમન કરે છે. માત્ર પોતાના લૌકિક ભાઈઓનું કલ્યાણ થાય, મંગલ થાય તેવા ભાવો સીમિત ન રહેતાં સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય તેવા ઉદાત ભાવોનાં આંદોલનો સમગ્ર વિશ્વમાં આ બહેનો વહેતાં કરે છે. દરેક આત્મા સ્વયંનો યથાર્થ પરિચય મેળવે, પરમપિતા પરમાત્માનો યથાર્થ પરિચય મેળવે અને આતમ જ્યોતિ જગાડીને માનવને દુ:ખી અશાંત કરતા વિકારોના પંજામાંથી માનવમાત્રને મુક્તિ મળે તેવી ભાવનાઓ બહેનોના દિલમાં વહેતી હોય છે અને દિન-રાત દરેક આત્માઓને વિકારોમાંથી મુક્ત કરાવી ઈશ્વરીય સંતાન બનાવવાની ઝંખના હોય છે.

જ્યારે સ્વયંની દૃષ્ટિ, વૃત્તિ અને કૃતિમાં પવિત્રતા અને શ્રેષ્ઠતા ન આવે ત્યાં સુધી બહેનો સલામત નથી. તેથી આ સૃષ્ટિના સર્વ આત્માઓ નિર્વિકારી જીવન વ્યતીત કરવાનો સંકલ્પ કરે એ ભાવના હોય છે. તેમ થાય તો જ રક્ષાબંધનની શ્રેષ્ઠ ભાવના મૂર્તિમંત સ્વરૂપને પામે. નહિતર મોટીબહેન પોતાના નાનાભાઈ પાસેથી, ધનિક બહેન પોતાના ગરીબ ભાઈ પાસેથી, દેશમાં વસતી બહેન પોતાના વિદેશમાં વસતા ભાઈ પાસેથી પોતાના રક્ષણની અપેક્ષા કઈ રીતે રાખી શકે ? વાસ્તવમાં રક્ષાબંધનના મૂળમાં પવિત્રતાની ધારણાનું બીજ રહ્યું છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ અને શારદામણિદેવી, ગાંધીજી અને કસ્તુરબાએ પવિત્રતા અપનાવી દૃષ્ટિને નિર્માણ બનાવી આદર્શ ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. તેથી પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં પણ પવિત્રતા અનિવાર્ય છે. જ્યારે માણસ સુખની ઝંખના કરે છે ત્યારે તેણે પવિત્રતાને તો પ્રથમ સ્થાન જ આપવું પડે, કારણ કે પવિત્રતા એ સુખશાંતિની જનની છે. પવિત્રતાની ધારણાની સાથે સાથે સ્વધર્મ, સ્વદેશ, સ્વલક્ષ, સ્વરૂપ, સ્વલક્ષણ, સ્વામાનની ગહનતામાં જઈ તેની યથાર્થ અનુભૂતિ કરી શકાય છે.

પહેલાં બ્રાહ્મણો રક્ષાબંધન કરતા હતા. હવે બહેનો-ભાઈઓને રક્ષાબંધન કરે છે. ખાસ કરીને શિવશક્તિઓના રક્ષાબંધનમાં અનેકવિધ ભાવનાઓની વણઝાર સમાયેલી છે. આ પર્વની સાચી સમજ આત્મિક સ્નેહ અને પવિત્રતાની ધારણા સ્વાભાવિક બનાવી દે છે. આ પર્વ 'વિષતોડક' પર્વ 'પુણ્ય પ્રદાયક' પર્વ છે. તેથી બહેનો એ મંગલકારી ભાવ રાખે છે કે ભાઈઓ વિષયવિકારોના બંધનમાંથી મુક્ત બની દિવ્ય, અલૌકિક અતીન્દ્રિય સુખની અનુભૂતિ કરે. કારણ કે સંગમયુગના આ જન્મની પવિત્રતાની ધારણા ભવિષ્યમાં આવનાર અટલ, અખંડ, નિર્વિકારી, નિર્વિઘ્ન અને સુખ-શાંતિ તથા સમૃદ્ધિથી ભરપૂર દુનિયા સ્વર્ગના માલિક બનાવે છે. આ ત્યારે જ શક્ય બનશે જ્યારે માનવ-માનવ વચ્ચે રહેલી દેહભાનની દીવાલ સમાપ્ત થાય અને દૃઢ મનોબળ દ્વારા પવિત્રતાના પગરણ થાય. પવિત્રતાની પ્રતિજ્ઞાથી દૃષ્ટિ, વૃત્તિ અને કૃતિની પવિત્રતા જળવાય તેમ જ કર્મોમાં પણ શ્રેષ્ઠતા આવે. હૃદયના લૌકિક, સ્વાર્થી સંબંધોનું રૂપાંતર દિવ્ય અલૌકિક ઈશ્વરીય પરિવારમાં થાય. વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ થાય.

રક્ષાબંધન દ્વારા આત્મિક સ્મૃતિ અને પવિત્રતાની ધારણાની રક્ષાથી અનેક પ્રકારની અનુભૂતિ થાય છે. માનવને આજે અનેક પ્રકારની અસલામતી અનુભવાય છે. તેને તનનું રક્ષણ, ધર્મનું રક્ષણ, સતિત્વ અથવા પવિત્રતાનું રક્ષણ, કાળના પંજામાંથી રક્ષણ, સંકટો સમસ્યાઓથી રક્ષણ તેમ જ માયાથી રક્ષણની અપેક્ષા હોય છે. રક્ષાબંધનનું પર્વ આ સર્વ પ્રકારના રક્ષણની શક્તિ બક્ષે છે. એટલું જ નહીં ભવિષ્યમાં આવનાર સતયુગમાં દેવપદની પ્રાપ્તિ કરાવી અડધો કલ્પ સુધી દેવતાઈ જીવનની પ્રાપ્તિ કરાવે છે. દૈવી બહેનો રક્ષાબંધન કરી ભાઈઓ માટે વિપુલ પ્રાપ્તિઓના દ્વારા ખુલ્લા કરે છે. તેના બદલામાં કોઈ સ્થૂળ પ્રાપ્તિની અપેક્ષા રાખતી નથી, સ્વીકારતી નથી. ભૌતિક સ્વરૂપની ચીજવસ્તુઓ કે રોકડ રકમ આ બહેનો સ્વીકારતી નથી. માત્ર ભાઈઓમાં રહેલા વિકારો, વ્યસનો, ખરાબ ટેવો આદિનું દાન સ્વીકારે છે જેથી ભાઈઓ આ દોષોમાંથી મુક્ત બની જીવનને સુખ, શાંતિ અને દિવ્યાનંદથી સભર બનાવી શકે.

આ તહેવારે ભાઈઓની પણ એ ફરજ થઈ જાય છે કે આ સૃષ્ટિની સર્વ બહેનો તરફ સર્વ

આત્માઓ તરફ આત્મિક દૃષ્ટિ, વૃત્તિ અને કૃતિ રાખે. બહેનો દિવ્ય જીવનના પથ પર વિહરી શકે તે માટે તેની પવિત્રતાની રક્ષા માટે સર્વસ્વ ન્યોછાવર કરી શકે. દેહના સંબંધોની સમાપ્તિ કરી વિકારી દૃષ્ટિનું રૂપાંતર સમાપ્તિ કરી વિકારી દૃષ્ટિનું રૂપાંતર આત્મિક રુહાની દૃષ્ટિમાં કરે, બહેનો ઉપર થતા અત્યાચારો રોકવા માટે પુરુષાર્થ કરે, આ સન્માનની ભાવના જાળવવા માટે કટિબદ્ધ બને. પરમપિતા પરમાત્માએ જ્યારે સ્ત્રી શક્તિને અગ્રિમ સ્થાન આપી જ્ઞાનનો કળશ આપ્યો છે ત્યારે તેનું ગૌરવ આંકી ઈશ્વરીય સેવાના કાર્યોમાં, ધરતીને સ્વર્ગ બનાવવાના પુરુષાર્થમાં પોતાનો સર્વ પ્રકારનો સહયોગ આપે. પવિત્રતાની ધારણા માટેના આધારસ્તંભો બ્રહ્મચર્ય, સાત્ત્વિક ખોરાક, સત્સંગ અને દિવ્ય ગુણોની ધારણા સ્વયં કરે અને બીજાઓ પાસે પણ કરાવડાવે. સૃષ્ટિમાં આત્મિક શુદ્ધિ માટેના, પવિત્રતાનાં આંદોલનો વહેતાં કરે. સૃષ્ટિના દુ:ખી અને અશાંત આત્માઓને ઈશ્વર મિલનના રાહનો પરિચય આપે. ત્યાગ, તપસ્યા અને સેવા દ્વારા આ પર્વના પ્રાણને સાર્થક કરવા તત્પર બને.

રક્ષાબંધનનો તહેવાર એવી રીતે ઉજવવો જોઈએ કે જેથી માનવમાં કોઈ પણ પ્રકારની અપવિત્રતા અથવા નબળાઈ મનના દ્વારે ફરકી પણ ન શકે. તેથી રક્ષાબંધનના દિવસે સૂક્ષ્મ દૃઢ સંકલ્પનો તાંતણો અર્થાત્ બંધન બાંધવું જોઈએ કે-

1. માનસિક સંકલ્પોમાં પણ અપવિત્રતાનો પ્રહાર-આક્રમણ ન થાય તે માટે મનસાની વૃત્તિને સંપૂર્ણ શક્તિશાળી બનાવીએ.

2. સદા સ્વયંની રુહાની-આત્મિક ભાઈ-ભાઈની સ્થિતિ સ્વ-સ્થિતિ અર્થાત્ આત્મિક ભાઈ-ભાઈની સ્થિતિ-નિરંતર રહેવાનો અભ્યાસ કરીએ.

3. પરચિંતન અને વ્યર્થ બોલચાલને સદાને માટે સમાપ્ત કરીએ.

4. દરેકના પ્રત્યે આત્મિક સ્નેહ, આદર રાખીને સંગઠનને એક મત બનાવીએ.

5. સર્વ ઈશ્વરીય મર્યાદાઓનું પૂર્ણ રીતે પાલન કરીને દૈવી ગુણવાન બનીએ.

આ રક્ષાબંધનના પ્રાણતત્ત્વને અનુસરીને દૃષ્ટિને અલૌકિક, મનને શીતળ, બુદ્ધિને રહેમદિલ અને મુખને મૃદુ બનાવવાં જોઈએ. પોતાની નબળાઈઓને દૃઢ સંકલ્પ દ્વારા સદાને માટે વિદાય કરવાનું આ પર્વ છે. આ સમયે પરમાત્મા દિવ્ય અવતરણ કરીને આપણને તહેવારોના આધ્યાત્મિક રહસ્યો સમજાવી ભવિષ્યમાં આવનાર સતયુગી વિશ્વ માટે લાયક બનાવે છે. પરમાત્માને એવા મનુષ્યોની જરૂર છે, જેઓ પવિત્રતાના બંધન અપનાવી પવિત્ર જીવન જીવવા તૈયાર હોય. જેઓને આ યુગનો ક્ષણભંગુર પ્રભાવ પસંદ ન હોય. તેઓ અંધકારમાંથી પ્રકાશમાં જવા ઈચ્છતા હોય તેઓ માટે આ પર્વ સોનેરી તક છે.

॥ ઓમશાંતિ ॥

- **જ્યારે પૂરેપૂરા વિકારમુક્ત બનશો ત્યારે બુદ્ધિ યથાર્થ નિર્ણય લઈ શકશે.**
- **પ્રામાણિક એ છે જે પ્રભુપસંદ અને વિશ્વ પસંદ છે, આરામ પસંદ નહીં.**
- **એક બીજાના વિચારોને સન્માન આપો તો માનનીય આત્મા બની જશો.**
- **કમલપુષ્પ સમાન ન્યારા બનશો, તો પ્રભુના પ્રેમનું પાત્ર બની જશો.**
- **તીવ્ર પુરુષાર્થી બનવાની ઈચ્છા છે તો જ્યાં ઈચ્છા છે ત્યાં રસ્તો મળી જશે.**



# શ્રીકૃષ્ણ જન્માષ્ટમી



બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



ભારત બીનસાંપ્રદાયિક રાષ્ટ્ર હોવા છતાં ભારત જ એક એવો દેશ છે જ્યાં દરેક ધર્મોના અનુયાયીઓ નિવાસ કરે છે. તેથી કોઈને કોઈ ધર્મ સાથે સંબંધિત તહેવારો ઉજવાયા કરે છે. આ દેશમાં ઉજવાતા સર્વ તહેવારો સાથે અહીંની સંસ્કૃતિ, સામાજિક તથા રાજનૈતિક, ધાર્મિક તેમજ ઐતિહાસિક દૃષ્ટિકોણ કોઈને કોઈ રીતે સંબંધ ધરાવે છે.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનું પર્વ પણ ભારત સાથે સંબંધ ધરાવે છે. વિદેશો સાથે નહીં. હિન્દી સાહિત્યકાળમાં આજ સુધી જેટલા પણ વિદ્વાન લેખકોએ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી પર સમય પ્રતિસમય જે કંઈ પણ વિચારો પ્રદર્શિત કર્યા છે અને ટીકાટિપ્પણી કરી છે એ સૌ કરતાં જુદું આ પાવન પર્વનું અદ્ભુત પરંતુ સત્ય આધ્યાત્મિક રહસ્ય જણાવીશ.

ભારતવાસી શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના આ પર્વને પરંપરાગત તેમજ પ્રાચીન માન્યતાઓને આધારે ઉજવતા આવ્યા છે. લગભગ આ ઉત્સવ ભૂતકાળમાં થઈ ગયેલા મહામાનવોની યાદગારમાં ઉજવવામાં આવે છે. આજે પણ જ્યારે આવા જ ભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવે છે ત્યારે જૂનામાં જૂની ધૂંધળી સ્મૃતિઓ પણ એકવાર ફરીથી મનુષ્યના માનસપટ પર ઊપસી આવે છે. એક સમય હશે જ્યારે સાક્ષાત શ્રી કૃષ્ણ આ ધરતી પર બિરાજમાન હશે, પરંતુ પ્રશ્ન એ છે કે શ્રી કૃષ્ણ કોણ હતા ? એમનો જન્મ ક્યારે અને ક્યાં થયો તથા શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનું આટલું મહત્ત્વ શા માટે છે ?

## શ્રી કૃષ્ણ કોણ હતા ?

પ્રચલિત વિચારધારા અનુસાર સામાન્ય લોકોનું મંતવ્ય છે કે શ્રી કૃષ્ણ ગીતાના ભગવાન છે. ગીતાના ભગવાનને શ્રી કૃષ્ણ માનવા એટલું જ અસત્ય હશે, જેટલું પંડિત જવાહરલાલ નહેરુની આત્મકથા ઉપર શ્રીમતી ઈન્દિરા ગાંધીનું નામ લખવું ? વાસ્તવમાં તો શ્રી કૃષ્ણ પરમાત્મા નહોતા કે ના એમણે ગીતાનું જ્ઞાન આપ્યું હતું. શ્રી કૃષ્ણ તો સોળે કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી મર્યાદા પુરુષોત્તમ હતા. જ્યારે ગીતા જ્ઞાનદાતા તો નિરાકાર પરમાત્મા શિવ છે. જેઓને જ પતિતપાવન, જ્ઞાનસાગર, ત્રિકાલદર્શી, અકાલમૂર્ત તથા જન્મમરણથી ન્યારા, પ્રકાશ સ્વરૂપ અને સર્વશક્તિમાન કહેવામાં આવે છે. પરંતુ શ્રી કૃષ્ણે તો માના ઉદર દ્વારા જન્મ લીધો હતો તથા માબાપ દ્વારા પાલના લઈને રાજગુરુ પાસેથી શિક્ષણ ગ્રહણ કર્યું હતું. જ્યારે સૌ એ જાણે છે અને માને છે કે પરમાત્મા માતાના ઉદર દ્વારા જન્મ લેતા નથી. કારણ કે ભગવાન તો સ્વયં પાલનહાર છે તથા સૌના પરમ શિક્ષક અને સદ્ગુરુ છે. એમને કોઈ ભણાવી શકે નહીં.

વાસ્તવમાં સત્યતા એ છે કે શ્રી કૃષ્ણ સોળે કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, સતયુગી પાવન સૃષ્ટિના પ્રથમ-મહારાજકુમાર છે. પરમાત્મા શિવ દ્વારા સંભળાવવામાં આવેલી ગીતાના જ્ઞાનનું સારરૂપમાં મનન મંથન કરીને શ્રી કૃષ્ણે

પૂર્વજીવનમાં ધારણ કર્યો હતો. જેના ફલસ્વરૂપે ભવિષ્યમાં એમને પ્રથમ મહારાજકુમાર શ્રી કૃષ્ણ તથા સ્વયંવર પછી શ્રી નારાયણનું પદ મળે છે. આ રીતે શ્રી કૃષ્ણ ગીતા પુત્ર છે જ્યારે ગીતા પતિ કેવળ પરમાત્મા શિવ જ છે. શ્રી કૃષ્ણ સમગ્ર સૃષ્ટિના માલિક બને છે. જ્યારે ભગવાન શિવ ત્રણ લોકના સ્વામી છે. શ્રી કૃષ્ણને પોતાનું શરીર છે પરંતુ પરમાત્મા તો નિરાકાર સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્યોતિબિંદુ સ્વરૂપ છે. જેમની યાદગાર ભારતમાં શિવલિંગ છે. શ્રી કૃષ્ણના કલ્પમાં કુલ 84 જન્મ થાય છે. જેમાં 8 જન્મ સતયુગ 12 જન્મ ત્રેતાયુગ, 21 જન્મ દ્વાપર તથા 42 જન્મ કળિયુગ અને એક જન્મ કળિયુગના અંત અને સતયુગના આદિમાં પુરુષોત્તમ સંગમયુગમાં થાય છે. 84મા જન્મના અંતમાં જ્યારે શ્રી કૃષ્ણનો આત્મા અન્ય સમસ્ત વિશ્વના આત્માઓ સહિત તમોપ્રધાન બની જાય છે તેવા સમય પર ગીતાના ભગવાન શિવ પોતાના મહાવાક્યો અનુસાર પોતાનો વાયદો નિભાવવા, આ સૃષ્ટિ ઉપર અવતરિત થાય છે. ઈશ્વરીય જ્ઞાન તેમજ સહજ રાજયોગ શીખવાડીને સર્વ પતિત આત્માઓને પુનઃપાવન બનાવે છે અર્થાત્ તેઓ શ્રી કૃષ્ણ જેમને 'શ્યામસુંદર' પણ કહેવામાં આવે છે. તેમને શ્યામ (તમોપ્રધાન)માંથી સુંદર (સતોપ્રધાન) બનાવી દે છે. શ્રી નારાયણના નામે આઠ રાજગાદીઓ ચાલે છે. નવમી ગાદી રામની હોય છે. તેથી શ્રી કૃષ્ણની જન્માષ્ટમી તથા શ્રી રામની નવમી ઉજવવામાં આવે છે.

### શ્રી કૃષ્ણનો જન્મ ક્યારે થયો હતો ?

પ્રચલિત વિચારધારા અનુસાર શ્રી કૃષ્ણનો જન્મ દ્વાપરમાં થયો હતો એમ કહેવામાં આવે છે. પરંતુ એ વિચારવા જેવું છે કે શ્રી કૃષ્ણ દ્વાપરમાં હોય તથા ગીતાના ભગવાન પણ તે વખતે જ હોય તથા ગીતાના ભગવાન પણ તે વખતે જ હોય તો શું ભગવાન આ સૃષ્ટિ ઉપર આવવાથી દ્વાપર પછી કલિયુગ અર્થાત્ વર્તમાન દુઃખ રોગ આદિ અભિશાપ મનુષ્ય આત્માને ભોગવવા મળ્યાં ? તો પછી ભગવાનના અવતરણનો મનુષ્યાત્માઓને શો લાભ ? ભગવાન તો દુઃખહર્તા, સુખકર્તા છે. પરંતુ જો ઉપરોક્ત પ્રચલિત માન્યતાને સાચી માનવામાં આવે તો દ્વાપર પછી સુખની દુનિયા આજે આપણી સમક્ષ હોવી જોઈએ પરંતુ એમ નથી. ગીતાના ભગવાન શિવ હવે વર્તમાન સમયે સ્વયં અવતરિત થઈને પોતાનો સત્ય પરિચય આપી રહ્યા છે. વાસ્તવમાં જ્યારે શ્રી કૃષ્ણનો જન્મ આ સૃષ્ટિ ઉપર થાય છે તે દિવસથી જ સતયુગનો આરંભ થાય છે. પછી દુઃખ, રોગ, કલહ-કલેશ વગેરેનું નામનિશાન રહેતું નથી. એ જાણીતું છે કે શ્રી કૃષ્ણનો જન્મ જેલમાં થયો હતો. એનો પણ સાચો અર્થ એ છે કે શ્રી કૃષ્ણનો જન્મ એવા વાતાવરણમાં થયો હતો કે જ્યારે આ સંસાર માયારૂપી વિકારોની અંધારી કોટડીમાં બંધ થાય છે. એમનો જન્મ થવાથી કંસ અર્થાત્ કામ જેને શાસ્ત્રોમાં 'મહાશત્રુ' કહેવામાં આવે છે, તેનો સંહાર થઈ જાય છે. પછી કોઈપણ પ્રાણી આ દુનિયામાં દુઃખી અને અશાંત રહેતું નથી.

### શ્રી કૃષ્ણને મળવાનો સમય

જો વિવેકનો આધાર લઈને આપણે નિષ્પક્ષભાવથી શ્રી કૃષ્ણના જન્મોત્સવ પર વિચાર કરીએ તો એ સત્ય નિષ્કર્ષને અવગણી નહીં શકાય કે જે પરિસ્થિતિઓમાં શ્રી કૃષ્ણનો જન્મ થયો હતો તે વાતાવરણ હવે ફરીથી રચાઈ રહ્યું છે. આજે વિશ્વને આપણે વિકારોની જંજીરોમાં બંધાયેલું અજ્ઞાનની અંધારી જેલ કોટડીમાં, પ્રભુપ્રીતિથી વિપરીત મહાકાળના મુખની તરફ તીવ્ર ગતિએ ધસતું નથી જોઈ રહ્યા ? પ્રત્યક્ષને પ્રમાણની જરૂર રહેતી નથી. વર્તમાન

ધર્મગ્લાનિના આ સમય પર ગીતાના ભગવાન ત્રિમૂર્તિ શિવ પોતાનો વાયદો નિભાવવા ફરીથી આ સૃષ્ટિ પર ગીતાજ્ઞાન આપી રહ્યા છે, જ્યારે બીજી બાજુ લોકો ભગવાનને સાધારણ તનમાં આવેલા જોઈને એમને ઓળખી શકતા નથી. ગીતાજ્ઞાન દ્વારા સ્વયં શ્રી કૃષ્ણનો આત્મા આ સમયે પાવન બનીને નવી સતયુગી દુનિયામાં જવાનો પુરુષાર્થ કરી રહ્યો છે. હવે પરમપિતા પરમાત્મા શિવ કૃષ્ણના એ શ્રદ્ધાળુ ભક્તોને કહી રહ્યા કે જો તેઓ શ્રી કૃષ્ણને મળવા ઈચ્છે છે અથવા એમનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરવા ઈચ્છે છે તો એમણે સતયુગી સંપૂર્ણ નિર્વિકારી દુનિયામાં જવાનો પુરુષાર્થ આજથી જ આરંભી દેવો જોઈએ. જેના માટે ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગ જ એવી યુક્તિઓ છે જેના નિરંતર અભ્યાસ દ્વારા જ આપણે સતયુગી રાજધાનીમાં પ્રવેશ કરી શકીએ છીએ.

## શ્રી કૃષ્ણ આવી રહ્યા છે.

કદાચ આપ વિશ્વાસ નહીં કરો પરંતુ આ એક સત્ય છે કે ઘણા ઝડપી નિકટમાં ભવિષ્યમાં આ સૃષ્ટિના મહાવિનાશ પછી તરત જ શ્રી કૃષ્ણ આ સૃષ્ટિ પર સ્વર્ગ અથવા વૈકુંઠના પ્રથમ મહારાજકુમારના રૂપમાં જન્મ લેશે. આ અદ્ભુત પરંતુ સત્ય સમાચારનું રહસ્યોદ્ઘાટન સ્વયં ત્રિકાલદર્શી, અકાલમૂર્ત, જ્યોતિબિંદુ સ્વરૂપ પરમાત્મા શિવે પ્રજાપિતા બ્રહ્માના મુખ દ્વારા કર્યું છે. તેથી ભગવાન કહે છે કે જો શ્રી કૃષ્ણને મળવા ઈચ્છતા હો તો અત્યારે પવિત્ર બનો અને યોગી બનો નહિતર ક્યારેય શ્રી કૃષ્ણને મળવાની ઈચ્છા પૂરી કરી શકશો નહીં.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના આ પાવન પર્વ પર હું દેશવાસીઓને આગ્રહ કરીશ કે તેઓ શ્રી કૃષ્ણ પ્રત્યે કોરી ભાવના શ્રદ્ધાથી માત્ર સામાજિક રીતરિવાજ અર્થાત્ બાહ્ય આડંબર પૂરાં ન કરે પણ આ પાવન પર્વ દ્વારા સ્વયં શ્રી કૃષ્ણ જેવા નિર્વિકારી દેવતા બનવાની પ્રેરણા મેળવે અને આજે જ પોતાના જીવન માટે નરમાંથી શ્રી નારાયણ તથા નારીમાંથી શ્રી લક્ષ્મી બનવાનું લક્ષ્ય ધારણ કરે. જ્યારે દરેક ભારતવાસીના મનમાં આ શુદ્ધ લક્ષ્ય હશે ત્યારે જ આપણું ગૃહસ્થ જીવન શ્રી લક્ષ્મી-નારાયણ જેવું પ્રસન્ન બની શકશે. એ ધ્યાનમાં રાખવાનું છે કે શ્રી કૃષ્ણ સંપૂર્ણ નિર્વિકારી દેવતા હતા એમના પર ગોપીઓનાં ચીર હરણનું લાંછન લગાવવું તે મહા પાપ છે. એમના મુગુટમાં મોરનાં પીછાં એમની સંપૂર્ણ પવિત્રતાનું પ્રતીક છે. મોર જ એવું પક્ષી છે જેને પવિત્ર માનવામાં આવે છે. તેથી હવે વિકારો રૂપી વિષ પીવાનું અને પીવડાવવાનું બંધ કરો ત્યારે જ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો વાસ્તવિક આનંદ પ્રાપ્ત કરી શકશો.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 25નું અનુસંધાન)...

નહીંતર મારા શિષ્યો તને મારી નાખશે. આ કેટલું મહાન હકારાત્મક ચિંતન છે. આપણી સામે મીઠા બ્રહ્માબાબા એક આદર્શ મોડલ રૂપે છે. એમણે એમના જીવન વ્યવહારથી અનેક આત્માઓનાં જીવન બદલી દીધાં. એમને દિવ્ય બનાવ્યાં. બાબાની સામે ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓ આવી, સમસ્યાઓ આવી, વિરોધો થયા આમ છતાં બાબાનું ચિંતન શ્રેષ્ઠ જ રહ્યું. એમણે સૌને માફ કરીને કદીયે વાણી દ્વારા એનો પ્રતિભાવ આપ્યો નહોતો. સૌના પ્રત્યે રહેમદિલ બની રહ્યા.

**॥ ઓમશાંતિ ॥**

### દાદી પ્રકાશમણિજી

# મારા દિલનો ધબકાર

બ્ર.કુ. મુન્નીબેન, શાંતિવન, આબુરોડ



મુખ્ય પ્રશાસિકા
1969-2007

સન 1967માં જ્યારે સાકારબાબાને મળવાની પુનિત તક મળી તો બાબાએ વરદાન આપ્યું કે બેટીને બાબા મધુવનમાં રાખશે અને તે બાબાનો ભંડારો સંભાળશે. હું, 1969માં જ્યારે કન્યાઓનો પ્રથમ પ્રશિક્ષણ કાર્યક્રમ થયો તો એમાં જોડાઈ ગઈ. આ કાર્યક્રમ પછી પ્યારા બાબાના વરદાનને સાકાર કરતાં મીઠાં દાદી પ્રકાશમણિજીએ મને યજ્ઞનો સ્ટોક સંભાળવાની જવાબદારી સોંપી. દાદીજી પ્રેમની મૂરત હતાં. જ્યારે મેં એમને પહેલીવાર જોયાં હતાં. ત્યારથી દિલનો સ્નેહ ઘણી ગહનતાથી જોવા મળ્યો. દાદીજી મને 'લવલી બેબી' કહીને સંબોધન કરતાં હતાં. એમનું આ લાડ પ્યાર ભરેલું સંબોધન મારા દિલને સ્પર્શી જતું હતું. હું એમની નજીક જવા ઈચ્છતી હતી. એટલે રોજ રાત્રે ગૂડનાઈટ કરવા જતી હતી. તેઓ મને ભેટીને મુરલી વાંચતાં રહેતાં હતાં. પછી કહેતાં હતાં 'લવલી બેબી' ગૂડનાઈટ. દાદીજીનું સાન્નિધ્ય મેળવવા માટે હું એમને કહ્યા કરતી હતી, દાદીજી, મને સેવા બતાવો. મને પહેલાંમાં પહેલી સેવા એમના હિન્દી પત્રો લખવાની મળી. તેઓ જેમ બોલતાં હતાં તે પ્રમાણે હું લખતી જતી હતી. આ રીતે મને દાદીજીની નજીક જવાનું પરમ સૌભાગ્ય મળ્યું.



ધીરે-ધીરે હું એમની વ્યક્તિગત સેવા પણ કરવા લાગી. કહેવાય છે કે સેવા એજ મેવા છે. એમની સેવાના બળને લીધે મારામાં ઘણી યોગ્યતાઓ આવવા લાગી. દાદીજીએ મને મુખ્ય તથા શ્રેષ્ઠ સેવા શીખવાડી. આજ્ઞાકારી, વફાદાર, ફરમાનવરદાર, ઈમાનદાર, ફેઈથફુલ, એક બાબા બીજું કોઈ નહીં. સદા એક્યુરેટ, એવરરેડી અને દિલની સચ્ચાઈ સફાઈ. આ શ્રેષ્ઠ ધારણાઓને મેં દિલની તિજોરીમાં સંભાળીને રાખી દીધી. જેનાથી મારામાં વિશેષ સામર્થ્ય આવવા લાગ્યું. એકવાર દાદીજીએ મને કહ્યું, જાઓ મ્યુઝિયમ સજાવીને આવો. મેં મનમાં વિચાર્યું કે હું સ્વયં વ્યવસ્થિત કપડાં પહેરતી નથી તો મ્યુઝિયમમાં રાખેલાં મોડલ્સને કઈ રીતે સજાવીશ? મારા દિલની આ શંકા મેં દાદીજી સમક્ષ રજૂ કરી. તો દાદીજીએ કહ્યું, તમે જાઓ, તમે મોડલ્સ સજાવી શકશો. દાદીજીનો મારામાં આ વિશ્વાસ જોઈને મારી બુદ્ધિ વિચારવા લાગી. એક દરજી ભાઈનો સહયોગ લઈને મેં મ્યુઝિયમ સજાવવાની સેવા પૂરી કરી અને દાદીજીને બતાવી. દાદીજીએ મને ઘણો પ્રેમ આપ્યો. આ રીતે દાદીજી આજ્ઞા પણ કરતાં હતાં અને કાર્ય કરવાની શક્તિ પણ આપતાં હતાં. જેમ નાના બાળકોને કહેવામાં આવે છે એ રીતે દાદીજી મને કહેતાં હતાં મુન્ની, આ કામ કરીને

જાઓ. તેઓ ઘણા પ્રેમથી કહેતાં હતાં અને એમની આ પ્રેમની શક્તિએ યજ્ઞ સેવાનાં નાનામાં નાનાં અને મોટામાં મોટા કાર્ય પણ મને શીખવાડી દીધાં. એમના નયનોમાંથી પ્રેમ વરસતો હતો. જ્યારે તેઓ પ્રેમથી 'મુનડી' કહીને બોલાવતાં હતાં તો મારું રોમ રોમ ખીલી ઉઠતું હતું.

દાદીના અંગ સંગ રહેવાને કારણે કોઈ પણ યોગ્યતા ધારણ કરવામાં મને ખાસ મહેનત પડી નહીં. જેમ પારસની સાથે રહીને લોખંડ પણ પારસ બની જાય છે એ રીતે દાદીજીના સંગમાં રહીને મને પણ યોગ્ય બનાવી. સવારથી સાંજ સુધીની વ્યસ્ત દિનચર્યામાં સેંકડો વાર એમની સમક્ષ જવું પડતું એમની પ્રેમભરી દૃષ્ટિ પડતી અને મારી અંદર ઉમંગ ઉત્સાહની લહેરો ઉઠવા લાગતી. એમના સામીપ્યમાં થાક કોને કહેવાય તે ખબર પડતી નહોતી. મને એવો અનુભવ થતો હતો કે આ નજર દાદીજીની નહીં પણ સ્વયં ભગવાનની છે. જે મને ધન્ય બનાવી રહી છે. એમના સ્પર્શ માત્રથી મારામાં શક્તિનો સંચાર થતો હતો. મારું મન સદા આ પંક્તિઓ ગણગણવા લાગતું હતું.

'તુમકો અપના નસીબ સમજા હૈ,  
સબસે જ્યાદા કરીબ સમજા હૈ.  
તુમકો પાકર સ્વયં સે દાદીજી,  
સારે જગકો ગરીબ સમજા હૈ.'

ઓમશાંતિભવન, જ્ઞાન સરોવર, શાંતિવન વગેરે યજ્ઞનાં મોટાં મોટાં ભવનોને સજાવવાનો પૂરો પ્રબંધ દાદીજીએ મને શીખવ્યો. દાદીજી ખરીદવાની ચીજો સાથે બેસીને લખાવતાં હતાં. દાદીજીની દરેક આજ્ઞાને સાકાર કરવા હું દિલથી જોડાઈ જતી હતી. મને ઘણી ખુશી મળતી હતી. દાદીજી ઘણાં જ રહેમદિલ અને મમતાની મૂરત હતાં. કદી કોઈ વાત મનમાં રાખતાં નહોતાં. હું નાની હતી. કોઈવાર ભૂલ કરી દેતી તો દાદી પ્રેમથી સમજાવતાં હતાં. તેઓ ક્ષમાનાં સાગર હતાં. દરેક ભૂલને ભૂલાવીને પ્રેમથી આગળ ધપાવતાં હતાં. દાદી સ્વયં સંતુષ્ટ રહેતાં હતાં. એમના બોલ હતા 'સર્વ યજ્ઞ વત્સ સદા ખુશ અને સંતુષ્ટ રહેવાં જોઈએ.' કોઈને કંઈ જોઈએ તો તેને બાબાના ભંડારામાંથી અવશ્ય મળવું જોઈએ. આવી એમની ભાવના હતી.

દાદીજીને સમગ્ર બ્રહ્માવત્સો પ્રત્યે અપાર પ્રેમ હતો. જે એમની સામે આવે તેનું દાદીજી પ્રસન્નતાથી સ્વાગત કરતાં હતાં. તેઓ કહેતાં હતાં આવો ! આવો ! તેઓ નિદ્રાજીત અને અથક સેવાધારી હતાં. જ્યારે અમે એમને કહેતાં હતાં દાદી, અમુક વ્યક્તિ આપને મળવા આવી છે તો પથારીમાંથી ઉઠીને પણ મળવા માટે તૈયાર રહેતાં હતાં. તેઓ તપસ્વીમૂર્ત હતાં. રાત્રે બે વાગે ઉઠીને તપસ્યા કરતાં હતાં. અમૃતવેળાનો યોગ નિયમિત કરતાં એ સમયે બાબા પાસેથી એમને ઘણી બધી પ્રેરણાઓ મળતી હતી. જે તેઓ સંભળાવતાં હતાં.

યજ્ઞમાં હજારો ભાઈબહેનો અને અનેક વી.આઈ.પી. આવતા હતા. તેઓ દરેકને મળતાં હતાં. 30 હજાર ભાઈ-બહેનો આવે છતાં સૌને લાઈનમાં દૃષ્ટિ આપતાં જેથી તેઓ અતીન્દ્રિય સુખનો આનંદ માણતાં હતાં. દરેક કાર્ય કરવામાં તેમનો ઉમંગ ઉત્સાહ જોવા મળતો. તેઓ ત્યાગ અને સાદગીની મૂરત હતાં. પ્યારા બાબાનાં સ્લોગન 'જે ખવડાવો, જે પહેરાવો, જ્યાં બેસાડો'- એની પૂર્ણ ધારણા એમના જીવનમાં જોવા મળતી. તેઓ માસ્ટર પાલનહાર હતાં. એક હજાર યજ્ઞવત્સો અને દસ હજાર નિમિત્ત શિક્ષિકાઓ સહિત સૌને પણ બાપ સમાન પાલના આપતાં હતાં.

મુરલી પ્રત્યે એમને વિશેષ પ્રેમ હતો. દિવસમાં ત્રણવાર સ્વયં મુરલી વાંચતાં હતાં. વર્ગમાં

**(અનુસંધાન પેજ નં. 12 પર)**

## દાદી પ્રકાશમણિજી

# અલૌકિક મા યોગશિક્ષિકા અને શ્રેષ્ઠ માર્ગદર્શિકા

બ્ર.કુ. રાજુભાઈ, માઉન્ટ આબુ



દાદીજીને આપણે સહસ્ત્ર ભુજાઓવાળી ચૈતન્ય દેવી કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નથી. દાદીજીનો સરળ સ્વભાવ, નૈસર્ગિક પ્રસન્નતા, એમનાં પવિત્ર શક્તિશાળી પ્રકંપન દરેક આત્માને ચુંબકની જેમ પોતાના તરફ ખેંચી લેતાં હતાં. મેં મારા જીવનનાં 36 વર્ષો દાદીજીની સાથે વીતાવ્યાં છે. દાદીજીની સાથે વીતેલા દિવસોનો એક લાંબો ઈતિહાસ લખી શકાય તેમ છે. પરંતુ થોડા શબ્દોમાં કહું તો દાદીજીના સાનિધ્યમાં જે કોઈ આવ્યું તે પ્રભાવિત થયા વગર રહ્યું નહીં. બ્રહ્મા બાબાના અવ્યક્ત થયા પછી દાદીજીએ યજ્ઞનું સુકાન સંભાળ્યું. પોતાના નેતૃત્વમાં દર વર્ષે એક નવા ભવનનું નિર્માણ કરાવ્યું. દાદીજીના સંકલ્પમાં એટલી શક્તિ હતી કે સંકલ્પ આવ્યો અને કાર્ય સિદ્ધ થયું. કદી દાદીએ એવું વિચાર્યું નહીં કે આ થઈ શકશે નહીં. બાબાએ સંકલ્પ આપ્યો છે તે સાકાર થવાનો જ છે. એમના અટલ નિશ્ચયથી સર્વ સાધનો પોતાની મેળે હાજર થવા લાગ્યાં. મને યાદ છે જ્યારે ઓમશાંતિભવન બન્યું, દાદીજીએ કહ્યું, આપણી પાસે યજ્ઞમાં એટલું બજેટ નથી પણ બાબાને 3 હજાર સીટનો હોલ જોઈએ. સર્વ ભાઈ બહેનો રોજ સાંજે 4-6 કલાક કાર સેવા કરો. દાદીજીનું સર્વ સાથે પથ્થર તોડવું લાઈનમાં ઊભા રહીને પથ્થર ઉઠાવવા અને દરેકની દિલથી પ્રશંસા કરવી, પોતાના હાથે ટોલી ખવડાવવી, સર્વનો ઉમંગ ઉત્સાહ વધારવો આવી અદ્ભુત પાલના હતી. તેઓ કુમારો, કુમારીઓને સાચા દિલથી પ્રેમ આપતાં હતાં. એટલા માટે જ્યારે કોઈ નાનામાં નાનું અને મોટામાં મોટું કામ હોય તો દાદીજીએ કદી કોઈને ના કહી નથી. દાદીજીના ઈશારા પર કુમારોનું ગ્રુપ, બહેનોનું ગ્રુપ સત્ત્વરે સેવા માટે હાજર થઈ જતું હતું. ભલે કોયલા ઉઠાવવાના હોય, ધોબીઘાટની સેવા હોય, અનાજની બોરીઓ ઉઠાવવાની સેવા હોય, મકાન બનાવવા માટે મજૂરો જેવું કાર્ય હોય, વાસણો માંજવાનાં હોય, ઘરની સફાઈ કરવાની હોય - દરેક કાર્યમાં દાદીજી આગળ રહ્યાં. સૌમાં ઉમંગ-ઉત્સાહ ભરી યજ્ઞના નાના સ્વરૂપને એટલું વિશાળ બનાવ્યું. આ આપણાં દાદીજીની કુશળ પ્રશાસનની કળા છે. હું મધુવનમાં સન 1971માં પહેલી વાર આવ્યો. દાદીજી સાથેની પહેલી મુલાકાતમાં જ એવો અનુભવ કર્યો કે દાદી ખરેખર આપણાં અલૌકિક મા છે. ઘણા જ પ્રેમથી બાબાની ઝૂંપડી પાસેના હીંચકામાં મને સાથે બેસાડ્યો અને ઘણી મીઠી મીઠી વાતો કરી. એપ્રિલ, 1972માં હું ફરીથી મધુવન આવ્યો ત્યારથી જ દાદી-દીદીની ઘણી સમીપ રહેવાનું સુખ મેળવ્યું. સર્વ કાંઈ બંને દાદીઓએ શીખવાડ્યું. બડી દીદી મનમોહિનીજીના અવ્યક્ત થયા પછી 1983 થી દાદીજીની સાથે યજ્ઞના સ્થૂળ-સૂક્ષ્મ કારોબારમાં સહયોગી બનવાનું ભાગ્ય મળ્યું. દાદીજીની પ્રેરણાથી સન 1988થી જ મુરલીની નીચે વરદાન, સ્લોગન વગેરે લખવાનું કાર્ય શરૂ કર્યું. પત્રપુષ્પ તૈયાર કરીને જ્યારે દાદીજી પાસે પાસ કરાવતો

ત્યારે દાદી ઘણી મહિમા કરતાં અને કહતાં. તમે ઘણું સારું લખ્યું છે. હમણાં હમણાં જ મોકલો. જ્યાં સુધી દાદીજી પાંડવભવનમાં રહ્યાં રોજ બપોરે ઘણો ઓછો આરામ કરતાં હતાં. તેઓ બપોરે ત્રણ વાગે પોતાના ઓરડામાં જતાં અને ચાર વાગે મને એમની પાસે બોલાવતાં. મને કહેતાં કે દાદીને આજે આ આ વિચારો આવ્યા છે. તે લખીને લાવો. બધાંની પાસે મોકલો. દાદીને ક્યારેક વિશ્વ સેવા માટે નવા નવા પ્લાન યાદ આવતા તો ક્યારેક ગરીબ ગામનાં ભોળાં બાળકો યાદ આવતાં. દાદી કહેતાં એમને જરૂર બાબાનો સંદેશ મળવો જોઈએ. કોઈપણ ઈશ્વરીય સંદેશથી વંચિત ના રહે. ક્યારેક દાદીને બ્રહ્માવત્સોની ઉન્નતિ માટે, ક્યારેક યજ્ઞની વૃદ્ધિ માટે ક્યારેક યજ્ઞની સુરક્ષા માટે ઘણા જ તીવ્રગતિથી સંકલ્પો આવતાં. દાદીજી તરત મને બોલાવતાં અને કહેતાં હમણાં હમણાં જ લખીને લાવો. આજે જ સૌને ટપાલથી મોકલો. જ્યારે કદી દાદીજીની પાસે કોઈ બહેન યા ભાઈની બીમારીના સમાચાર આવતા તો દાદીજી એ સમયે કહેતાં તમે એને ફોન કરો, દાદી સાથે વાત કરાવો. પત્ર મોકલો. દાદીની યાદ લખો. એને કોઈ સહયોગ જોઈએ તો પૂછો. એ સમયે દાદીજીનું માતૃસ્વરૂપ જોવામાં આવતું.

દાદીજી કોઈ પણ કાર્ય કરાવવા માટે ભાર નહોતાં મૂકતાં પણ એટલું જરૂર કહેતાં કે આ તારીખે દાદી ઉદ્‌ઘાટન કરશે. ગમે તે કરો પણ આ કાર્ય પૂર્ણ થવું જ જોઈએ. સૌ ઘણા પ્રેમથી દિવસ-રાત લગાવીને એ કાર્યને પૂર્ણ કરી દેતાં હતાં. ઓમશાંતિભવન, જ્ઞાન સરોવર, શાંતિવન વગેરે સંકુલો તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે. દાદીજી વિદ્યાની દેવી હતાં. જ્યારે એમની પાસે પત્ર લખવા બેસતો ત્યારે દાદીજીના દિલમાંથી અણમોલ રત્ન નીકળતાં. વચ્ચે કોઈ મળવા આવે તો ફરીથી લખાવવાનું શરૂ કરી દેતાં. દાદીજીએ 16-17 વર્ષ સુધી સતત સર્વભાઈ બહેનોને મારા દ્વારા પત્રો લખાવ્યા. દાદીજીને યજ્ઞની એક એક વસ્તુની, દરેક વિભાગની સંપૂર્ણ માહિતી હતી. દરેકને નામ દઈને સંબોધન કરીને બોલાવતાં. એમની સ્મરણશક્તિ એટલી તેજ હતી કે તેઓ કોઈનું નામ ભૂલી જતાં નહોતાં. દરેક સેન્ટરના આવક જાવકનો હિસાબ દાદી સ્વયં જોતાં. કેટલો ખર્ચ છે કેટલી આવક છે તેની પૂરી માહિતી દાદી પાસે હતી. તેઓ કહેતાં કે ઓછામાં ઓછું છ માસ ચાલે તેટલું કરિયાણું, વસ્તુઓ સેન્ટર પાસે હોવાં જોઈએ. દાદીજીને અમે દુર્ગાના રૂપમાં પણજોયાં. કેટલાય વિકારી, દુર્ગુણ, વ્યસન છોડવાનો સંકલ્પ કરે છે. દાદીજી શીતલારૂપમાં એમને ક્ષમા પણ કરી દેતાં હતાં. અને ભવિષ્ય માટે એમનામાં શક્તિ ભરી દેતાં હતાં. કેટલીયે વાર દાદીને કાલીના રૂપમાં પણ જોયાં. કોઈ દાદી સમક્ષ સાચું બોલતાં નહોતાં, છુપાવવાની કોશિશ કરતાં તો ક્યારેક દાદી એમને કદી કદી કાલી રૂપનો પણ સાક્ષાત્કાર કરાવતાં એ સમયે દાદીજીના સ્વરૂપમાં લવ અને લોનું બેલેન્સ જોવા મળતું. કોઈ એમની સામે અસત્ય બોલી શકતું નહોતું આવાં કેટલાંયે દૃશ્યો અને અનુભવો જોયા છે. 25 ઓગસ્ટ, 2007ના દિવસે એમની બીમારી વખતે મોટા ભાઈઓ, દાદીઓ બ્રહ્માકુમારી બહેનોની સાથે હું પણ હતો. દાદી એમની સર્વ શક્તિઓ અમારામાં ભરીને પ્રત્યક્ષતા અને સંપન્નતાના કાર્યમાં ફાસ્ટ સેવા માટે વતનમાં ઉડી ગયાં. અમારાં દાદી અત્યારે પણ અમારી સાથે છે. દાદીજીની મહાનતા અને દિવ્યગુણો કદી વિસરાય તેમ નથી. એનું રીટર્ન કરવું એજ દાદીજીને યથાર્થ શ્રદ્ધાંજલિ છે.

**॥ ઓમશાંતિ ॥**

# સમર્પિત અર્થાત્ સર્વંશ ત્યાગી

## રાજયોગિની દાદી પ્રકાશમણિજી, શાંતિવન, આબુરોડ



આ સંગમયુગ પુરુષોત્તમયુગ છે. એને ચઢતીકળાનો, વરદાની યુગ પણ કહેવાય છે. આ યુગમાં આપ સૌને સમર્પિત થવાનું ભાગ્ય મળ્યું છે. આ ભાગ્ય પણ કોટોમાં કોઈ, કોઈમાં પણ કોઈને મળે છે. તો આપ સમર્પિત પાંડવોને જોઈને ઘણી ખુશી થાય છે. મારા દિલની આશ છે કે આપ એવી ભઠ્ઠી કરો જેને જોઈને બાબાની આશાઓ પૂરી થાય. આપણા સૌની એક આશ છે કે બાબાને પ્રત્યક્ષ કરીએ. આ આશ હજુ સુધી કેમ પૂરી થઈ નથી ? મારી આશ છે કે આપણા યજ્ઞમાં જે પણ પાંડવ છે. તે એવું કરી બતાવે જેથી દરેક કહે કે મારી સ્થિતિ બાબાના જ્ઞાન અને યોગ મુજબ છે. નિર્વિઘ્ન છે. અર્થાત્ આપણે બાબાનાં માયાજીત બાળકો છીએ. માયા કમજોર બનાવે છે એવું તો સાંભળ્યું છે. પણ હવે આપણે માયાજીત છીએ એવો સિક્કો લાગવો જોઈએ. એવું અહીં ભઠ્ઠીની પ્રતિજ્ઞાનું પ્રમાણ બાબાને મળવું જોઈએ. પાંડવ એટલે જેણે પ્રીતબુદ્ધિનું પ્રત્યક્ષ ફળ બતાવ્યું. ભલે એની સામે ગમે તેટલી પરીક્ષાઓ આવે, જંગલમાં પણ જવું પડે પણ વિજયી બનીને બતાવે. આપ પાંડવ અહીંથી આવી એકતાનો પાયો મજબૂત બનાવીને જાઓ તો આપને જોઈને સૌ કહે કે આ જાદુની નગરી ( મધુવન )થી પૂરા બદલાઈને આવ્યા છે. જે કંઈ નાની મોટી વાતો હોય તે સર્વ સમાપ્ત કરીને જાઓ. આપણે બાબાનાં સાચાં બાળકો છીએ એવી અનુભૂતિ કરીને જાઓ. આ ભઠ્ઠીમાં કંઈક નવીનતા કરીને જાઓ. બાબા ઈચ્છે છે કે સર્વંશ ત્યાગી બનો, વૈરાગી બનો. સમર્પિતનો અર્થ જ છે સર્વંશ ત્યાગી. સમર્પિત એટલે જૂની દુનિયાથી પૂરા વૈરાગી, પાકા સન્યાસી, પાકા ત્યાગી, પાકા તપસ્વી અને માળાના સાચા મણકા બનીને જાઓ. આપણે વિજયી માળાના વિજયી રત્ન છીએ. એટલે જ અહીંથી વિજયી રત્ન બનીને જવાનું છે. હવે ઘેર જવાનું છે. યુવા સમજે છે કે હજુ તો આપણે યુવા છીએ. પરંતુ બાબા કહે છે આપ સર્વ વાનપ્રસ્થી છો. વાનપ્રસ્થીઓની બુદ્ધિમાં એ રહે છે કે ગમે ત્યારે આતમ પંછી ઉડી જાય, અમે તૈયાર છીએ. એક એક પાંડવ પોતાનું એવું બેલેન્સ સીટ બનાવે જેથી ધર્મરાજપુરીમાં ફૂલોથી સ્વાગત થાય. આપને સલામ કરીને વતનમાં મોકલે. અંતમાં બાબા હાથ ફેલાવીને કહે, આવો બાળકો એમ ગળે લગાડીને વતનમાં મોકલે એવી સ્થિતિ બનાવવાની છે. બાબાની શ્રીમત અનુસાર આપણાં મન, વચન, કર્મ હોય. બાબા આપણને પ્રમાણપત્ર આપે કે આ બ્રહ્માવત્સ સંસ્કારોમાં, સંકલ્પોમાં, દૃષ્ટિ વૃત્તિ સૌમાં પાસ વીથ ઓનર છે. આવી કમાલ કરો ત્યારે કહીશું સમર્પિત. આવી કમાલ ના કરી બતાવી તો સમર્પિત થઈને શું કર્યું ?

**॥ ઓમશાંતિ ॥**

## ચિંતન

# હકારાત્મક ચિંતન (Positive Thinking)

બ્ર.કુ. પિનાક, નારણપુરા, અમદાવાદ

જ્યારે ચારે બાજુ અંધકાર છવાયેલો હોય છે ત્યારે જ પ્રકાશનું મૂલ્ય સમજાય છે. આજના હળાહળ કલિયુગમાં **જ્યારે ચારે બાજુ નકારાત્મક બાબતોનું આધિપત્ય છે ત્યારે હકારાત્મક ચિંતનનું મહત્ત્વ સમજાય છે.** આજે તનાવ, ઈર્ષ્યા, વેરઝેર, આતંકવાદ, હિંસા, ધર્મઝનૂનતા, બદલો લેવાની ભાવના, પરદર્શન, પરચિંતનનો પ્રભાવ વિશેષ જોવા મળે છે. **નકારાત્મક બાબતોનો શરીર પર પણ પ્રભાવ જોવા મળે છે.** વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અંદાજ પ્રમાણે **2020 સુધીમાં ડીપ્રેશન - મૃત્યુનું બીજું સૌથી મોટું કારણ બની જશે.** અમેરિકન હાર્ટ એસોસિએશનના જણાવ્યા પ્રમાણે **હાઈ લેવલના અવાજના સંપર્કમાં આવતા જ મગજ તરફની પ્રતિક્રિયા મળવા લાગે છે. તેનાથી પેદા થતા સ્ટ્રેસને કારણે રક્તવાહિનીઓમાં સોજો આવે છે. આ સોજાને કારણે હાર્ટ એટેકનો સ્ટ્રોક આવી શકે છે.**

વ્યસન, ફેશન, વિકારોની વૃદ્ધિને કારણે આજે માનવની જીવનશૈલી બદલાય ગઈ છે. જેના પણ સંપર્કમાં આવીએ તેના મુખેથી સાંભળેલી વાતોમાં, વિચારોમાં નકારાત્મકતાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. પ્રાચીન ભારતીય દિવ્ય-સંસ્કૃતિની, ગાંધીવાદની અસરો લુપ્ત થઈ રહી છે. જ્યારે ધર્મ ઉપર આપણી નજર જાય છે ત્યારે ત્યાં કેવી પરિસ્થિતિ છે તેનું બયાન કવિ જગદીશ ત્રિવેદી કરે છે.

‘અહીં છે ભલામણ, અહીં ભાવ તાલો,<br>
અહીં ગ્રાહકો છે ને અહીં છે દલાલો,<br>
ને પ્રસાદ વેચવાની રજા છે,<br>
ફરકતી નથી, પણ ફફડતી ધજા છે.’

કવિએ માર્મિક કટાક્ષ દ્વારા ઘણું બધું કહી દીધું છે.

### હકારાત્મક ચિંતનનો પાયો

નકારાત્મક બાબતોથી મુક્ત થવા આપણે હકારાત્મક ચિંતન વિશે વિચારીએ છીએ. પણ સતત હકારાત્મક ચિંતન કરવું એ પણ તપસ્યા છે. ચિંતન કરવાનું કામ મન કરે છે. તેથી ગીતાકારે **અધ્યાય - 6 શ્લોક 35માં લખ્યું છે ‘હે મહાબાહો! ખરેખર મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે તો પણ હે કૌંતેય અભ્યાસ અને વૈરાગ્ય વડે તે વશ થાય છે.’**

**અહીં આપણે એ સ્વીકારવું પડશે કે જે સાધક સંતુષ્ટ, હર્ષિતમુખ, આત્મોન્નતિની ઈચ્છાવાળો, તનાવમુક્ત, સ્નેહયુક્ત વ્યવહારવાળો, ઉદાર હૃદયવાળો, આત્મવિશ્વાસથી ભરપૂર, નિષ્કામ સેવાધારી, પવિત્રતાના વ્રતે બંધાયેલો અને ઈશ્વરીય શ્રીમતનું પાલન કરનારો હશે તે જ સ્થાયી રીતે હકારાત્મક ચિંતન કરી શકશે.**

### હકારાત્મક ચિંતનના ફાયદા

**દરરોજ 20 મિનિટ ચાલવાથી ખુશીની અનુભૂતિ થાય છે. ઘણાં મહાન સ્ત્રી-પુરુષો ચાલતાં ચાલતાં પણ ચિંતન કરે છે.** ‘દિવ્યભાસ્કર’ દૈનિક સોમવારે પોઝીટીવ ન્યુઝ આપે છે. પેનેસેલ્વેનિયા યુનિવર્સિટીની રીસર્ચ અનુસાર રોજ 5 થી 10 મિનિટ પોઝિટિવ ન્યુઝ વાંચવા અને તેને અન્યને વહેંચવા તેથી માનવીમાં

હેપ્પીનેસનું લેવલ 60 ટકા જેટલું વધી જાય છે.

પોઝિટિવિટીથી થનાર ફાયદાઓ વિશે સાઈન્ટિફિક રીસર્ચ થયેલું છે. હકારાત્મક ચિંતનથી જીવનની ભિન્ન ભિન્ન સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા વધે છે. નેતૃત્વની કલા વિકસે છે. **હકારાત્મક ચિંતનથી 58 ટકાથી વધુ સફળતાની તક મળે છે.** તે સર્વ સાથે સારી રીતે સંબંધો નિભાવી શકે છે.

પ્રિસ્ટન યુનિવર્સિટીની રિસર્ચને માનીએ તો **ખુશનુમા લોકો સંબંધો સારી રીતે નિભાવે છે.** હાર્વર્ડ યુનિવર્સિટીની રિસર્ચ અનુસાર હૃદયરોગ, ડાયાબીટીસનો ખતરો 39 ટકા ઘટી જાય છે. 8 વર્ષ વય વધે છે. અર્થાત્ વધુ જીવી શકાય છે. આપણે પદ્માપદ્મ ભાગ્યશાળી છીએ. પરમાત્મા સાથે આપણે સર્વ સંબંધો જોડ્યા છે અને અગણિત પ્રાપ્તિઓ કરી છે. આપણામાં શાંતિ અને સહનશીલતામાં વધારો થાય છે.

હકારાત્મક ચિંતન કરનાર કાંટાઓ વચ્ચે ખીલેલા ગુલાબને જોઈને પ્રસન્ન થશે. મીઠા **બાબાએ આપેલી શ્રીમત અનુસાર ખરાબમાં પણ ખરાબ માણસના ગુણ જોશે.** આપણે ત્યાં ખરાબ માણસ મરે ત્યારે લોકો એના એક બે ગુણ ઉઠાવીને તેની પ્રશંસા કરે છે. હકારાત્મક ચિંતન એ શીખવે છે કે **જેટલો અન્યને પ્રેમ, આદર આપશો તેટલી તેમના તરફથી પ્રાપ્તિ થશે.** યુધ્ધિષ્ઠિરને બધા માનવો સારા લાગતા હતા. રામ લંકા વિજય પછી પ્રથમ કૈકેયીને મળે છે. કૈકેયી પ્રત્યે લોકોની ફિટકાર અને પશ્ચાતાપથી તે દુઃખી હશે આમ હકારાત્મક ચિંતનથી કૈકેયીને પ્રથમ મળે છે.

**હકારાત્મક ચિંતન કરનાર પ્રાપ્તિઓનાં ગુણ ગાન કરશે.** અભાવોનાં રોદણાં રડશે નહીં. **તે સમયનું મૂલ્ય સમજીને સર્વપ્રકારના વ્યર્થથી મુક્ત બની સમયને સફળ કરશે. તે શુભચિંતક હશે. સુખ દુઃખમાં સમાન રહેશે. તે સમસ્યારૂપ નહીં બને, સમાધાન સ્વરૂપ બનશો. હકારાત્મક ચિંતનથી એકાગ્રતાની શક્તિ વધે છે. જે યોગાભ્યાસમાં સહાયક બને છે.**

હકારાત્મક ચિંતન કરનાર સાધક સ્વયંનું નિરીક્ષણ કરી, એકરાર કરવાની શક્તિનો ઉપયોગ કરીને સંસ્કાર પરિવર્તન કરશે. તે માટે પરમાત્માએ આપેલ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ મેળવવું જરૂરી છે. જે પરમાત્મા બ્રહ્માકુમારીઝ સંસ્થામાં આપી રહ્યા છે.

ગીતાકારે **અધ્યાય 9 શ્લોક 2માં તેનું વર્ણન કર્યું છે. 'આ જ્ઞાન સર્વ વિદ્યામાં શ્રેષ્ઠ, ગુપ્તમાં ગુપ્ત, પવિત્ર અને ઉત્તમ તથા પ્રત્યક્ષ છે. ધર્મને અનુસરતું, અવિનાશી અને કરવામાં (આચરણમાં લાવવામાં) સુલભ છે.'**

હકારાત્મક ચિંતન કરનાર અન્ય આત્માઓને ઉપયોગી બનવા છતાં પણ મદદ કર્યાની એને અનુભૂતિ થવા દેતો નથી. મરીઝનો શેર છે.

'કોઈ એવો દિલદાર જગતમાં નજર આવે,
આપી દે મદદ કિન્તુ લાચાર ના બનાવે.'

હકારાત્મક ચિંતન કરનાર સાધકે સતત પોતાની બુદ્ધિને જાગૃત રાખવી પડશે. **મીઠા બાબા કહે છે, 'અપની જાંચ કરતે રહો ડાયરી રખો. સારે દિનમેં હમારા બુદ્ધિયોગ કહાં ગયા ?'** સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી. તેઓ ઘણા પ્રસિદ્ધ થયા. વિરોધીઓએ એમના રસોઈયાને ફોડીને દૂધમાં ઝેર અપાવ્યું. ઝેરની અસર થતાં જ દયાનંદે રસોઈયાને કહ્યું, લે આ પૈસા, તું અહીંથી ભાગ.

(અનુસંધાન પેજ નં. 18 પર)

# રાજયોગિની દાદી પ્રકાશમણિજી

બ્ર.કુ. જાનકીબેન, રાજકોટ



ગગનમાં રહેતા સુંદર ફરિશ્તા સૌનાં લાડીલા ઓ દાદીજી,
સૂક્ષ્મ વતનથી પ્રવાસ કરતાં આત્માઓના કલ્યાણી.

અખિલ બ્રહ્માંડના સ્વામી શિવબાબા, જેને બનાવ્યા સાથી,
બાબાના પગલે અમને ચલાવતા પકડી રુહાની કર કમળથી.

ઊંચું અમારું ભાગ્ય બનાવ્યું, રહેતા સદા પુરુષાર્થી,
પ્યારભરી વાણી તમારી શિક્ષાઓ દેતા ન્યારી-પ્યારી,

વિચારો જેમના થનગનાટ કરતા સેવામાં વિશ્વ કલ્યાણી,
અગણિત બાળકો દેશવિદેશમાં રુહાની સેવાધારી.

પાલના તમારી સ્નેહભરી, વ્યવહાર કુશળતાને ચિત્ત પ્રસન્ન,
દેવતા બનવાની દિવ્યકલા શીખવી, વ્હાલા પ્રકાશમણિદાદીજી.

દાદીજી દાદીજી બાળકો કહેતાં દેશવિદેશના સાથી,
સુવાસ ફેલાવી દીધી આ જગમાં સતયુગી દેવતાની.

મીઠી મધુર વાણીથી હૃદયને ભરતા અનુપમ પાલના થકી,
જ્ઞાન ગહન સરળ શબ્દોમાં કહેતાં રુહાની રાજકુમારી.

અંતરના આનંદથી ઉત્સવો ઉજવતાં રોમરોમ ઊર્મિથી ભરી,
ભૂલશું નહીં અમે મિલન હૃદયના વ્હાલા પ્રકાશમણિદાદીજી.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 31નું અનુસંધાન). દિવ્ય દર્શન

સાઈલેન્ટ અને ડીટેચ નષ્ટોમોહા બનીને, વતનમાં જવા પોતે મમ્માનો માસ અને તારીખ પણ 6 જૂન (એટલે છઠ્ઠો મહિનો) પસંદ કરી લીધી. એટલે કે તારીખને જોતા દીદીજી આપણા સૌની સાથે જ છે, છે અને છે જ. 21 જન્મની બાદશાહી લેનાર આ મહાન આત્માએ પણ હોસ્પિટલની યાત્રા પણ નિમિત્ત માત્ર 21 દિવસની અને વિદાયની સફરનું વિજય મૂહુર્ત બપોરે 12.10 મીનીટે બાબાની ગોદ લીધી. અત્યારે પણ દીદીજીની ઉપસ્થિતિનો અહેસાસ તથા પહેલાની જેમ જ દીદીનું માર્ગદર્શન અને પ્રેરણા દીદી કરાવી રહ્યાનો અનુભવ થાય છે. સેવાનું ભાગ્ય લઈને જ આવ્યા હતાં. તેમનું સંપૂર્ણ જીવન રાત-દિવસ સેવામય જ રહ્યું એટલે છેલ્લે તેઓએ પોતાની વિદાય યાત્રા દ્વારા દેશ-વિદેશમાં સેવા કરતાં કરતાં જ ગયા.

અનેક વિશેષતાઓ અને ગુણોથી સંમ્પન્ન એવા સરલાદીદીજી 79 વર્ષની આયુમાં પોતાના જીવન દ્વારા અચાનક અને એવરરેડ્ડીનો સંદેશ આપી અનંતની યાત્રાએ મહાપ્રયાણ કરી ગયા. સરલાદીદી સંગમયુગનું સંભારણું સૌના માટે બની ગયા. દીદીજી આપને હૃદયના પુષ્પોથી શત શત નમન... સ્નેહ સુમન અર્પણ..

ગીત - તેરા વો પ્યાર હૈ દીદી, વો સમજાયા નહીં જાતા... બરસ જાતા હૈ નયનો સે, વો બતલાયા નહીં જાતા...

॥ ઓમશાંતિ ॥

## રાજયોગી જીવનના અનુભવની અભિવ્યક્તિ

# રુહાની યાત્રા

બ્ર.કુ. લીલાબેન ચૌહાણ, કારેલીબાગ, વડોદરા

ઘણી વાર યોગમાં બેસું તો યાદ કરું કે મારી આ યાત્રા કેવી રીતે શરૂ થઈ ? યાત્રા અને એ પણ લૌકિક નહીં અલૌકિક યાત્રા. રુહાની નશો જ તો. નશાની અવસ્થાએ અંધકાર હડસેલાઈ ગયોને શતશત દીવાની જ્યોત ઝગમગી ઉઠી.

બેંકની જોબમાંથી નિવૃત્ત થયે હજી થોડોક જ સમય થયો હશે. સર્વિસના સમગ્ર સમય દરમિયાન અન્ય કોઈ પ્રવૃત્તિ તમે ધારો તો પણ ન કરી શકો. સદાય સમયની ખેંચ અને ઉચ્ચપદની જવાબદારી તમને એમ કરતાં રોકે. ઘણી વાર કર્મચારીઓ પ્રશ્નો કરતાં, 'મેડમ તમે આટલાં બધાં એક્ટીવ છો તો નિવૃત થઈને શું કરશો ? તમે સમય વ્યવસ્થિત રીતે વ્યતીત થાય એ માટે કંઈ વિચાર્યું છે ?' કંઈક તો કરીશ જ' મારો જવાબ રહેતો.

અને એ નિવૃત્તિ પછીની પ્રવૃતિનું પ્રભાત ઉગ્યું. સમય જ સમય હતો. ટી.વી. પર આવતી બધી જ ધાર્મિક ચેનલો જેવી કે આસ્થા, સાધના, સંસ્કાર વગેરે જોવામાં જિંદગીની બીજી ઈનિંગની શરૂઆત થઈ.

એમાંની એક સંસ્કાર ચેનલે સંસ્કાર બદલવાનું કાર્ય શરૂ કર્યું. રીમોટનું બટન ક્લીક થયું ને સાથે બ્રહ્માકુમારી શિવાનીબેન પ્રગટ થયાં. શ્વેત વસ્ત્રધારી સૌમ્ય સરલ, શ્રધ્ધાની દેવીને જોઈ અનાયાસ જ મુખમાંથી શબ્દો સરી પડ્યાં. 'શું આ છોકરીની વાણી છે ? શું એની બોલવાની છટા છે ! ધીર ગંભીર છતાં રમણીક રજૂઆત સાથે જ્ઞાન-ગંગા વહાવી રહી છે.'

હજી પણ મને પૂરેપૂરું યાદ છે મેં શિવાની-દીદીને છોકરી જ કહ્યાં હતાં. શિવાનીબેનને સાંભળવાનો જાણે નિત્યક્રમ બની ગયો. ડિસેમ્બરનો મહિનો હતો. સાંજે સંસ્કાર પર પ્રગટ થતો પ્રોગ્રામ વળી પાછો રાત્રે 11 વાગે પણ રીપીટ થતો હતો. વળી પાછા રાત્રે 11 વાગે પણ એ પ્રોગ્રામ ફરીથી જોવાની લગની લાગી. આવું આવું તો ઘણા વખત સુધી ચાલ્યું.

એક સાંજે હું મારા રૂમમાં બેસીને શિવાની-બેનની અમૃતવાણી સાંભળી રહી હતી ત્યાં મારા યુગલે રૂમમાં પ્રવેશ લીધો. મને વક્તવ્ય સાંભળવામાં લીન જોઈ તેઓ પણ ઝૂલામાં બેસી સાંભળવા લાગ્યા. અમૃતવાણીના અમૃતે કામ કરવું શરૂ કર્યું. તીર નિશાને પર લગ ગયા થા.

'આ બેન તો જુઓ કેટલું સરસ બોલે છે.' તેઓ મુગ્ધભાવે સાંભળી રહ્યાં. મને પણ ગમ્યું. 'જોને તું તપાસ તો કર આ આશ્રમ ક્યાં છે?' એમણે પૂછ્યું. સંસ્કાર ચેનલનું પ્રસારણ પૂરું થવાની તૈયારીમાં હતું. કાર્યક્રમના અંતે પ્રસારિત થતી જાહેરાતે દેખા દીધી. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે 'બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયનો સાત દિવસીય કોર્ષ નિઃશુલ્ક શીખવાડવામાં આવે છે. તમે તમારા નજદીકના કોઈપણ બ્ર.કુ. કેન્દ્રનો સંપર્ક કરી શકો છો. ફોન. નં. સંપર્ક અર્થે લખ્યા હતા.

તપાસ કરતાં કારેલીબાગ વી.આઈ.પી. રોડ પરનું કેન્દ્ર મારા ઘરની સૌથી પાસેનું કેન્દ્ર હતું. એક સાંજે હું અને મારા યુગલ કેન્દ્ર પર પહોંચી ગયાં. બધી જાણકારી મેળવી લીધી. આ અગાઉ

1976ની સાલમાં અમે આબુ ફરવા માટે ગયા હતા. ત્યારે હાલનું 'મધુબન' જે છે તેની કુતૂહલ ખાતર મુલાકાત લીધી હતી. વરસોનાં વહાણાં વહી ગયાં. અને ત્યારથી મનમાં એક ઓળખ બનાવી લીધી હતી. 'બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય' એટલે લાંબુ લચક નામ ! અને એમની અનુયાયી બહેનો જે શ્વેત સાડીમાં અને સંપૂર્ણ હાથ ઢંકાઈ જાય એવી લાંબી બાંયના બ્લાઉઝ સાથે સુસજ્જિત હોય એ જ ને !

આવી ઉપરછલ્લી ઓળખ મેં કેન્દ્રમાં પ્રવેશ લીધો. આજની અલબેલી સાંજ અમારા માટે શુકનવંતી નીવડી. મિત્ર વર્તુળમાં કોઈકના લગ્નપ્રસંગ અર્થે અમે 'ઋષિમંડપ' પાર્ટી પ્લોટમાં જઈ રહ્યાં હતાં. રસ્તામાં જ સેન્ટર આવ્યું અને બધી માહિતી એકત્ર કરી લતાબેન નામનાં એક બ્રહ્માકુમારીબેને માહિતી આપવાની સાથે સાથે કોર્ષ કરાવવાની શરૂઆત એજ દિવસથી શરૂ કરી દીધી. વચ્ચેથી એમને રોકવા અયોગ્ય લાગ્યું પણ પછી વિવેકપૂર્વક જણાવ્યું કે 'અમને તમારી સંસ્થા અને હેતુ પસંદ છે પણ અમે આજે સાંજે વ્યસ્ત હોઈ આવતી કાલથી કોર્ષ શરૂ કરીએ તો કેવું રહેશે ? એમણે કહ્યું.O.K.ચાલશે.'

અને બીજા દિવસથી કોર્ષની સુમંગલ શરૂઆત થઈ. આ અગાઉ આ સંસ્થા વિષે ક્યાંય કશુંજ સાંભળ્યું ન હોતું. બિલકુલ કોરી ફ્લેટ જેવું અમારું જીવન હતું. એટલે જીવનપુસ્તકનાં કોરા કાગળ પર આસાનીથી લખાણની શરૂઆત થઈ ગઈ. સંસ્થાનું મુખ્યાલય માઉન્ટ આબુ સ્થિત છે, નારીમાંથી લક્ષ્મી અને નરમાંથી નારાયણ બનાવવાનું ભગીરથ કાર્ય આ સંસ્થા કરી રહી છે, ધાર્મિક વિધિવિધાનથી અને અંધશ્રદ્ધાથી પરે રહી જીવનોપયોગી રાજયોગ શીખવાડવાનું તથા લોકોનું જીવન ઉમંગ ઉત્સાહથી ભરી દેવાનું એમનું લક્ષ્ય છે જાણી પ્રસન્નતા થઈ અને એ ભાગ્યશાળી દિવસ એટલે તા. 11-01-2010. હું શરીર નહીં પણ એક જ્યોતિબિંદુ આત્મા છું એવા પાદુર્ભાવનો દિવસ એટલે તા. 11-01-2010.

તે દિવસથી આજપર્યંત આ રુહાની યાત્રા ચાલુ જ છે. દરેક ધાર્મિક સંસ્થાઓ તહેવારોની ઉજવણી તો કરતી જ હોય છે. પણ અહીં જે શિસ્ત હોય છે એની અન્ય સંસ્થાઓમાં ઉણપ વર્તાય. દરેકે દરેક તહેવાર પ્રસંગોની ઉજવણીમાં રુહાનિયત અને અલૌકિકતા તાણાવાણાની જેમ વણાયેલી જોવા મળે. દિનની શરૂઆત દિવ્ય મહાવાક્યો (મુરલી)થી શરૂ થઈ, દિવ્યયોગ અને દિવ્ય ગીતોથી સાંજે વિરામ પામે એ ધન્યતા નહીં તો બીજું શું ?

**॥ ઓમશાંતિ ॥**

## શ્રધ્ધાંજલિ

**બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.**



જોતાં હતાં રોજ જેની વાટ, એ દીદી આજે સિધાવ્યાં.
કરતાં હતાં જે આપણને લાડ, એ દીદી આજે સિધાવ્યાં.
જોતાં લાગે એ ફરિશ્તા... બાબા જોડે એના રિશ્તા.
યોગયુક્ત પૂર્ણ વિરામ... એવાં દીદી આજે સિધાવ્યાં.
સોચે કરે હિતકારી... બોલે એ મિતકારી.
ખવડાવે ખુશીનો ખોરાક... એવાં દીદી આજે સિધાવ્યાં.

## દિવ્યદર્શન

# મારી અલૌકિક મમતામયી મા - શ્રધ્ધેય સરલાદીદીજી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

જનનીની જોડ સખી નહી જડે રે લોલ.... સરલાદીદીનું નામ સકલ વિશ્વમાં આજે કોઈ ન જાણતું હોય તેવું બને જ નહીં. બ્રહ્માકુમારીઝ સંસ્થાના આધસંસ્થાપક સાકાર પિતાશ્રી બ્રહ્માબાબાની દીર્ઘ દૃષ્ટિ અને મમ્માના એક વરદાનના કારણે આજે ગુજરાતને એક અનોખું રત્ન પ્રાપ્ત થયેલ. વિશ્વ નિયંતાએ એમની ખૂબ જ નવરાશના પળોમાં કેવી સુંદર અને અજોડ રચના ઘડી જે આપણને સૌને આપણા આદરણીય સરલાદીદીજી મળ્યા.

### મારી કલમ આદરણીય દીદીજીને સમર્પિત

આ કલમ પરમ શ્રધ્ધેય, પરમ વંદનીય, પરમ પૂજ્ય, પ્રાતઃ સ્મરણીય, ગુજરાતની રાજધાનીના રાજા, ગુજરાતના રુહાની ગવર્નર, રુહાની ગવર્નમેન્ટના મુખ્યમંત્રી, સમર્ગ વિશ્વની મા અન્નપૂર્ણા, રાજયોગિની તપસ્વિની આદરણીય સરલાદીદીજીને સમર્પિત કરું છું. બ્રહ્માકુમારી નંદિની તરીકેના મારા અલૌકિક વ્યક્તિત્વના ઘડવૈયા, મારા ગુરુ, પ્રશિક્ષક, મારા ઓફિસર (ઉચ્ચ અધિકારી) અને મારી અલૌકિક મા એટલે આદરણીય સરલાદીદી. આજે હું જે કાંઈ પણ છું તેની પાછળ દીદીની અથાક મહેનત, દીદીનો પ્રેમ, પાલના, ટ્રેનીંગ, તેમનું એક ભવિષ્યદૃષ્ટાનું વિઝન જ છે. દીદીએ મને આપેલ પ્રોત્સાહન, દીદીની મારા પ્રત્યેની આશાઓ, પ્રત્યેક કાર્યમાં સાથ-સહકાર, સહયોગ, મને સતત ઉમંગ ઉત્સાહ અને આશીર્વાદ જ છે. આજની મારી આ કલમના એક-એક શબ્દો લખવા માટે કલમને કાગળ પર લખવા.

### વિરલ વિભૂતિ રાજયોગિની સરલાદીદીજી

8 માર્ચ, 1940માં આંતરરાષ્ટ્રીય મહિલા દિને જન્મ લેનાર એક અજોડ બેમિસાલ મહિલાએ સમગ્ર વિશ્વમાં પોતાના જીવન દ્વારા ઈશ્વરીય સંદેશ આપવાનું કાર્ય કરી જે સુગંધ ગુજરાતમાં અને ભારતમાં ચોમેર પ્રસરાવી તે કદાપિ અન્ય કોઈ કરી જ ન શકે તેવો અભિન્ન પાર્ટ તેમણે ભજવ્યો છે. સાકાર માત-પિતાની પાલના લેનાર, સદાય યજ્ઞને વફાદાર, ઈમાનદાર, દાદીઓ અને વરિષ્ઠ ભાઈ-બહેનો તથા સાથી-સંગીઓના દિલમાં સ્થાન મેળવનાર, નિષ્ઠાવાન, અથક કોઠાસૂઝ, સમય પ્રમાણે ધીર-ગંભીર, ખૂબ જ સારા આયોજક, સદાય કાર્યમાં નવીનતાનું સૂત્ર આપનાર, ગુજરાતની એકતા અને અખંડિતતા બનાવી રાખી યજ્ઞમાં ગુજરાતનું સ્થાન પ્રથમ નંબર પર જ રહે તેવા ઉચ્ચ સંકલ્પધારી દીદીજી એક અજોડ બેમિસાલ જીવન જીવી ગયાં. બેહદ યજ્ઞ ઈતિહાસમાં દીદીજીનો પાર્ટ ખૂબ જ વિશેષ અનોખો રહ્યો છે. જેવું તેમનું નામ 'સરલા' તેવા નામ પ્રમાણેના સરલ સ્વભાવના ગુણોની ખાણ દીદીજી સ્વયંમ્ પ્રિય, લોકપ્રિય અને બાપદાદા તથા દાદીઓના પણ અતિ પ્રિય બની ગયા હતાં.

### દીદીજી સાથે બાલ્યઅવસ્થાના અનુભવો

મારો સૌથી પ્રથમ પરિચય જૂન, 1980માં ગાંધીનગરના એક કાર્યક્રમમાં પધારેલા પવિત્રતાના તપબળથી જ તેજસ્વી, દિવ્ય, પ્રભાવશાળી, જાજરમાન, રોયલ વ્યક્તિત્વના ધની એવા સરલાદીદીના ખૂબ જ સાદા કેબીનેટ

સાઈઝના બ્લેક એન્ડ વાઈટ ફોટો ધોતા ધોતા ને ફોટાને ગ્લેઝીંગ (સાદી ભાષામાં જણાવું તો ફોટાને ઈસ્ત્રી કરવી) કરતાં થયો. ત્યારે જ મનમાં થયું આવા દીદીને તો મારે જોવા જ છે, મળવું જ છે અને બાપદાદા તે સંકલ્પને તરત જ બીજા દિવસે સતગુરુવારે સાકાર કરાવ્યો (ત્યારે હું ધોરણ 6માં અભ્યાસ કરતી હતી. અમદાવાદથી સાદી એસ.ટી.ની બસમાં બેસીને પધારેલા સરલાદીદીની અમીદૃષ્ટિ, વાત્સલ્ય સાથે-સાથે જ્ઞાન રત્નો અને ભોગ સાથે સાકારમાં પ્રથમ મુલાકાત થઈ. દીદી ખોળામાં બેસાડી મુખમાં મૂકેલ ટોલીનો સ્વાદ અને મમતામયી માની ગોદી મુજ આત્માને અંત સુધી મળી રહી તે હું મારું સદ્ભાગ્ય સમજું છું. તે સૌ પ્રથમ દીદીજીની અપલક પાવરફુલ, દિવ્ય દૃષ્ટિ, તે પળ તે ક્ષણ આજે પણ નજર સામે તરી આવે છે. બસ તે પછી તો ગાંધીનગરથી કૈલાસદીદીની સાથે એક બાલિકાના રૂપે અવારનવાર ગોરધન-વાડીના ટેકરા પર આવેલ રાજયોગ ભવન ખાતે આવવા જવાનો સીલસીલો ચાલુ થયો. ઈશ્વરીય સેવાઓમાં, સાસ્કૃતિક કાર્યક્રમોમાં, ઝાંખી પાર્ટ પ્લે કરવા, કુમારીઓની ભઠ્ઠી, ક્લાસ કે બ્રહ્માકુમારી બહેનો સાથે અમદાવાદ આવવાનું દીદીને મળવાનું એક બહાનું જ હતું.

મને બરાબર યાદ છે કે જ્યારે હું ધોરણ 7માં અભ્યાસ કરતી હતી ત્યારે ઐસી લાગી લગન, મીરાં હો ગઈ મગન ગીત પર મીરાં બનીને નૃત્ય કર્યું. તે નૃત્ય જાણે દીદીના મનમાં વસી ગયું હોય કે કેમ ? અથવા તો દીદીનો મારા ઉપર અપાર પ્રેમ કહો, અવારનવાર દીદીજી મને ફોન કરી સંદેશો આપીને થોડા-થોડા દિવસે બોલાવીને કાર્યક્રમોમાં તે નૃત્યની કૃતિ રજૂ કરવા માટે મને ચાન્સ આપતાં. એક વખત તો દીદી આબુ ગયાં હતાં ત્યાં બાળકોનાં પ્રોગ્રામમાં ગવર્નરનું અચાનક આગમન થતાં મને ખાસ યાદ કરીને ટેલીપ્રિન્ટર દ્વારા મેસેજ મોકલીને તાત્કાલિક સાંજ સુધીમાં આબુ પહોંચી મીરાનું નૃત્ય રજૂ કરવા આદેશ પણ કર્યો હતો. આ પ્રસંગનું વર્ણન એટલા માટે કરું છું કે સામેવાળા આત્માની ક્વોલીટીને પારખવાની દીદીમાં અજબ શક્તિ હતી.

એક વાર અચાનક દાદી જાનકી અને સરલાદીદીજીની તત્કાલીન ગુજરાતના ગવર્નર શ્રી બ્રિજકુમાર નહેરુની સાથે મુલાકાત ગોઠવાઈ. તે સમયે ગવર્નર હાઉસમાં દાદીજીની મુલાકાતના ફોટા પાડવા માટે સરલાદીદીજીએ ફોટા પાડવાની વ્યવસ્થા કરવા માટે કૈલાસદીદીને સૂચના આપી. હું સફેદ ફ્રોક પહેરી બેઈઝ પહેરી કેમેરો અને ફ્લેશગન ખભે ભરાવી સાયકલ લઈને ગવર્નર હાઉસ પહોંચી ગઈ. ગવર્નર આવે તે પહેલા દાદી, દીદી સૌ બહેનો બેઠા હતાં. સરલાદીદીએ મને પૂછ્યું કે - 'બેટા, તું ફોટા પાડવા માટે આવી છે?' મેં કહ્યું - જી દીદી. ત્યારે દીદીજીએ મારો પરિચય આદરણીય દાદી જાનકીજી સાથે કરાવ્યો. ગવર્નર શ્રી મળ્યાં ત્યારે તેમની સાથે પણ પરિચય કરાવ્યો કે, આપણી સંસ્થામાં બાળકો પણ આવી સેવાઓ આપે છે. આ છે દીદીજીની નિર્માણતાનું જ્વલંત ઉદાહરણ. તેઓને ફોટા પડે તે મહત્ત્વનું ન હતું પણ એક નાના બાળકની ઓળખાણ કરાવી તેની વિશેષતાઓને પ્રત્યક્ષ કરવી તે તેઓનું લક્ષ્ય રહેતું. (આજે પણ તે ફાઈલ ફોટો છે.)

## દીદીજીએ મને બનાવી બ્રહ્માકુમારી

8 નવેમ્બર, 1989ના રોજ દાદી ચંદ્રમણિજી પ્લેનમાં અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યાં. તેઓને માઉન્ટ આબુ ઝડપથી પહોંચવાનું હોવાથી તેઓ અમદાવાદ સેવાકેન્દ્ર પર જવાને બદલે ગાંધીનગર સેવાકેન્દ્ર પર ફ્રેશ થવા કારમાં પહોંચ્યા. તે સમયે ગાંધીનગર સેવાકેન્દ્રની ફૂલવાડી નાની હતી.

સેવાકેન્દ્ર પરથી શક્ય તેટલા ભાઈ-બહેનોને ટેલીફોન મારફતે જાણ કરી કે દાદી ચંદ્રમણિજી સેવાકેન્દ્ર પર અડધો કલાકમાં (સાંજે 6.00 કલાકે) પહોંચી રહ્યા છે. દાદીજીની દૃષ્ટિનો લાભ લેવા અમે આશરે 15-20 ભાઈ-બહેનો પહોંચ્યા. બહાર બગીચામાં ક્લાસ કરાવી મીઠી દૃષ્ટિ સાથે ટોલી આપી ત્યારે દાદીએ પ્રશ્ન પૂછ્યો કે - કુમારી આપ ક્યા કર રહે હો ? મેં કહ્યું દાદી અભી પઢાઈ પૂરી હુઈ ઔર લૌકિક કંપની મેં ટ્રેનીંગ ચલ રહી હૈ. દાદીજીએ કહ્યું કે - ક્યા તુમ્હેં પૈસે કમાના જરૂરી હૈ? મેં કહ્યું કે, ના દાદીજી. બાજુમાં લૌકિક પિતાજી સાથે ઉભા હતાં તેમને પૂછ્યું કે, આ દીકરી કોની છે ? તો પિતાજીએ પણ કહ્યું કે, એ તો બાબાની જ છે. અમો તો નિમિત્તમાત્ર છીએ. ત્યારે સરલા-દીદીજીએ કહ્યું કે - બાબાને તારા જેવા હેન્ડસની ખૂબ જ જરૂર છે. તું અત્યારે જ મારી સાથે સુખશાંતિભવન સેવામાં ચાલ. નજીકના ભવિષ્યમાં ગાંધીનગર સેવાકેન્દ્રનો 10મો વાર્ષિક ઉત્સવ 19-10-1989 હતો. તે યાદગાર દિવસે ગાંધીનગર સેવાકેન્દ્રની જીવંત સૌગાતના રૂપે કૈલાસદીદીએ મને સરલાદીદીને સોંપી. સાંજે 5.30 કલાકે ઈન્ટરનેશનલ યોગ (ત્રીજા રવિવારના) દિવસે સુખશાંતિભવનમાં પગ મૂકતા જ દીદીએ આશીર્વાદભર્યો હાથ માથા પર મૂક્યો એટલે કે બાપદાદા, દાદીઓ-દીદીઓની છત્રછાયા બની ગઈ તથા દીદીજી સદાય તેમની સાથે મને સેવા કરવાનો અવસર આપી સાથે જ રાખી છે.

## મમ્મા સમાન દીદીજીને હૃદયાંજલિ

06-06-2019નાં રોજ સરલાદીદીએ સાકાર દેહત્યાગ કરી અવ્યક્ત વતનવાસી બન્યા. દીદીનું શરૂઆતથી જ માતેશ્વરી જગદંબા પ્રત્યે સ્નેહ અને અલૌકિક ખેંચાણ હતું. દીદીને દીદી બનાવનાર માતેશ્વરી સરસ્વતી જ હતાં. દીદીનાં લૌકિકમાં ત્રિવેણીબાની વિશેષ મમતા અને મોહ હતો. ત્યારે મમ્માએ દીદીની વિશેષતાઓની દીર્ઘદૃષ્ટિ જોઈને કહ્યું કે, સરલા ક્યા તુમ એક મા કે ખાતીર સારે જગત કી મા નહી બનોગી ? દીદીજી કાયમ તેમના મમ્મા સાથેના અનુભવોમાં કહેતા કે, મમ્માએ તેમને સમર્પણ કરાવ્યા. મમ્મા પૂછતાં કે તુમ મમ્મા જૈસી બનોગી ? મુઝે તો મમ્મા બહુત અચ્છી લગતી હૈ, તો જરૂર મૈં મમ્મા જૈસી બનૂંગી. દીદીજી એક વખત મમ્માને કહેતા હતાં કે મમ્મા મુજે આપકી બ્રાહ્મણી બનના હૈ. ત્યારે સાકાર બાબાએ દીદીની વાત સાંભળી લીધી અને કહ્યું કે, તુમ કો તો મમ્મા કે સાથ નહીં રહના હૈ, બાબા તો તુમ્હેં બેહદ સેવા સ્થાન ગુજરાત મેં ભેજના ચાહતે હૈ. ગુજરાતી કુલ કા ઉધ્ધાર કરના હૈ, મમ્મા-બાબાના વરદાને દીદીને ગુજરાતની મા બનાવી દીધા.

દીદી હંમેશા મમ્માને યાદ કરતાં એટલે તેમણે છેલ્લે પોતાને મન, બુદ્ધિથી સમેટીને





(અનુસંધાન પેજ નં. 26 પર)

# માફ કરવું શા માટે જરૂરી કામ છે ?

ડૉ. જયેન્દ્ર બારડ, અમદાવાદ

## જિંદગી ટૂંકી છે.

આપણે બધા જ જાણીએ છીએ કે જિંદગી ટૂંકી છે. આપણે એ અનુભવી પણ શકીએ છીએ. આપણું બાળપણ ક્યાં જતું રહે છે એ ખ્યાલ નથી આવતો. જવાનીને જતા તો ચાર દિવસ લાગે છે અને છેલ્લે ઘડપણ આખું આપણે ફરિયાદો કરવામાં કાઢી નાખીએ છીએ.

શું તમે માંજીની જેમ 39 વર્ષ જીવનમાં કોઈના માટે નફરત પાળીને જીવવા માંગો છો ? માફી નહિ આપો તો તમારું મન બદલાની, નફરતની, ગુસ્સાની ભાવનાથી ભરેલું રહેશે. જ્યાં સુધી આ નેગેટિવ ભાવનાઓ તમારા મનમાં રહેશે ત્યાં સુધી તમે જીવનમાં શાંતિ, સંતોષ અને ખુશી મહેસૂસ નહીં કરી શકો. સમજી લો કે એટલા વરસ ના જીવ્યા બરાબર છે. એમાંય પાછી જિંદગી ટૂંકી છે. ટૂંકી જીંદગીનો મોટો ભાગ તમે વેડફી નાખો છો. પછી વૃદ્ધાવસ્થામાં જીવ્યા જેવું લાગતું જ નથી.

તો મનમાંથી નફરત, ઘૃણા, બદલાની ભાવના અને ગુસ્સો કાઢી નાખો અને જીવવાનું શરૂ કરો. કારણ કે, જીંદગી ટૂંકી છે.

## આપણી ખુશી આપણી ફરજ છે.

આપણે ઘણીવાર બીજાઓ સાથે એટલા માટે ઝઘડીએ છીએ કે આપણી ફરિયાદ હોય છે કે એ લોકો આપણી જોઈએ તેવી દરકાર (care) નથી લેતા કે આપણને જોઈએ તેવો ને તેટલો પ્રેમ નથી આપતા.

તમારી જાતને પૂછો. શું બીજાઓ જ તમને ખુશ રાખી શકે છે ? તમને ખુશ રાખવાની જવાબદારી બીજાઓની છે ? યાદ રાખો, આપણી ખુશી આપણા હાથમાં છે.

ઝઘડો થયા પછી જે કડવાશ મનમાં રહી જાય છે તે આપણી ચોઈસ હોય છે. માફ કરી દો. છૂટી જાઓ કડવાશમાંથી કારણ કે કડવાશ અને મીઠાશ બંને સ્વાદ ભેગા નથી થઈ શકતા. તમારે મીઠાશ જોઈતી હોય તો કડવાશ છોડવી પડશે અને કડવાશ નહીં છોડો તો મીઠાશ મળવાની નથી.

તો ખુશ રહેવું આપણી જ જવાબદારી છે. ફરજ છે. તો બીજાઓના ભરોસે છોડશો તો એ લોકો લાપરવાહ રહેશે, કામચોર રહેશે અને તેનાથી તમારી ખુશી જોખમાશે. તો આ ફરજ જાતે જ નિભાવો. માફ કરો. ખુશ રહો.

## લોકો તો લોકો જ છે, જેવા છે તેવા જ રહેવાના

આપણે જેમ-જેમ મોટા થતાં જઈએ છીએ તેમ તેમ આપણે મજબૂત કે નિર્બળ બનીએ છીએ. આપણી આસપાસના લોકો આપણને મજબૂત બનાવી શકે છે કે નિર્બળ બનાવી શકે છે. ક્યારેક આપણી પાસે ચોઈસ નથી હોતી કે આપણે કેવા લોકોની વચ્ચે રહેવું છે. આપણને બિલકુલ ન ગમતા લોકો જ આપણા ફેમિલી મેમ્બર કે સહકર્મી હોઈ શકે છે. તેમને આપણે બદલી નથી શકતા. કેટલાક લોકોને હેન્ડલ કરવા સહેલા છે તો કેટલાકને હેન્ડલ કરવા મુશ્કેલ છે. તેઓ જેવા છે તેવા જ રહેવાના છે. તે તેમના લોહીમાં જ છે. તે તમારા જેવા નથી અને તમારી ખુશી માટે તમારા જેવા બની પણ શકવાના નથી. તો માફી આપો અને તેમને તેમના હવાલે છોડી દો. કારણ કે તમારા લાખ પ્રયત્નો છતાં લોકો જેવા છે તેવા જ રહેવાના.

## માફી આપો અને શીખો

સમય સૌથી મોટો શિક્ષક છે. આપણી દરેક ભૂલ આપણને કોઈ ને કોઈ સબક શીખવાડી જાય છે. લોકોને માફ કરી દો પરંતુ તેમાંથી તમે જે સબક શીખો છો તેને યાદ રાખો. તેને ભૂલી ન જાઓ. આ સબકને જીવનમાં અપનાવી તમે તમારી જાતને પહેલાથી વધારે બેસ્ટ બનાવી શકો છો. આગળ ઉપર જીવનમાં જ્યારે પણ આવી વ્યક્તિ કે આવી જ પરિસ્થિતિનો ભેટો થશે ત્યારે તમે શીખેલો આ સબક જ તમારા કામમાં આવશે. વધારામાં બીજાઓને જ નહીં પણ પોતાની જાતને પણ પોતાની ભૂલો માટે માફ કરો અને એમાંથી કોઈ સબક શીખો.

તમે ના તો સામેવાળાને માફી આપો છો ના તો તેમાંથી કોઈ સબક શીખો છો, ઉલ્ટાની નફરતમાં પીડાયા કરો છો. તેથી તરત માફી આપો. શીખો અને આગળ વધો.

## પ્રેમ આપશો તો પ્રેમ મળશે, તે જ રીતે માફી આપશો તો માફી મળશે.

માફી આપવી એટલે સામેવાળા સાથે ઝઘડો થયા પછી પણ તેના પ્રત્યે પ્રેમ બતાવવો. જેટલું વધારે માફ કરો તમે તેટલા જ ઓછા ઝઘડામાં ફસાશો. લોકો સાથે નમ્ર બનો. લોકોને પ્યાર કરો અને આ જ પ્રેમ અનેક ગણો થઈને તમારી પાસે આવશે. કુદરતનો આ જ તો નિયમ છે.

‘ તમે જે આપો છો,

વળીને તે જ પાછું મળે છે.’

તમારી પાસે ચોઈસ છે કે તમારે પ્રેમને પસંદ કરવો છે કે નફરતને. પસંદગી તમારા હાથમાં છે. પ્રેમ આપશો તો પ્રેમ મેળવશો. નફરત આપશો તો નફરત મેળવશો. માફી આપશો તો માફી મેળવશો. તમારી ચોઈસ શું છે ?

## માફી કડવાશ મિટાવશે

ઝઘડો તો થવાનો અને તેનાથી દિલમાં કડવાશ પણ પેદા થવાની. માફીથી જ તમે આ કડવાશ દૂર કરી શકો છો. પોઝિટિવ લાગણી નેગેટિવ લાગણીને દૂર કરે છે. પ્રેમ ધીરે ધીરે દિલમાંથી કડવાશ મિટાવી દેશે. તમને માફી આપ્યા પછી મનની શાંતિ મળશે.

આપણે એમ માનીએ છીએ કે સામેવાળાને સબક શીખવાડીને કે સામેવાળાનું નુકસાન કરીને કે સામેવાળાથી બદલો લઈને જ આપણને મનની શાંતિ મળશે. કડવાશ દૂર થશે. આપણને ચૈન મળશે.

પરંતુ શું ખરેખર એવું થાય છે ? નથી થતું. ઉલટાનું અજંપો વધે છે.

આપણે માફી આપીને સામેવાળા સામે શ્રેષ્ઠ બદલો લઈ શકીએ છીએ.

## માફી આપવી એટલે ‘ફાસ્ટ રિકવરી’

આપણે બધા જ એકબીજાનું દિલ દુખાવીએ છીએ. શરીરના ઘા સમય જતાં વહેલા-મોડા મટી જાય છે. પણ દિલ પર પડેલા ઘા જીવનના અંત સુધી રૂઝાતા નથી. તમારા દુશ્મનને માફ કરીને તમે આ ઘાને ઝડપથી મિટાવી શકો છો. આ ઘા તમારા મનના ઊંડાણમાં પડેલા છે. એટલે બદલો લેવાથી તે નહિ મળે. તેના માટે માફી જ એકમાત્ર ઉપચાર છે. સામેવાળો માફી માંગે તેની રાહ ન જોશો.

ઝઘડો આપણા શરીરનું તાપમાન અને લોહીનું દબાણ વધારે છે. માનસિક પીડા આપણા ઘાને રૂઝવા નહિ દે. માફી એ સૌથી ઉત્તમ ‘સ્ટ્રેસ બસ્ટર’ છે. તે લોહીનું દબાણ નીચું લાવે છે. હાર્ટ એટેક આવતા અટકાવે છે.

**॥ ઓમ શાંતિ ॥**

# કલ્યાણકારી શિવ

બ્ર.કુ. કરમશીભાઈ, સુખશાંતિ ભવન, અમદાવાદ.

દયાના સાગરને આવી જ દયા,
અમ જગ-જીવાત્માઓ પતિત જ થયા.
વિનાશકાળે પ્રભુ-વિપરીત બુદ્ધિ જ આજે,
સંગમકાળે પ્રભુ-પ્રીતબુદ્ધિ જ લાગે.
કલ્પ-સંધ્યાએ પ્રભુ ધરા પર પધારે.
કલિ-રજની નિરાકાર શિવ સાકાર પધારે.
સંગમયુગે પ્રભુ લેખરાજ દેહે જ આવે,
આ દેહ-પ્રજાપિતા બ્રહ્માથી જ ઓળખાવે.
ધર્મગ્લાનિયે શિવ 'ભારત'માં જ આવે,
ગીતાનો એ વાયદો અચૂક જ નિભાવે.
વ્યભિચારી ભક્તિ ભગવાન જ છોડાવે,
સાકાર શિવ ગીતા સાર જ સમજાવે.
શિવજયંતીથી ગીતા જયંતી જ આવે,
ગીતા જયંતીથી શ્રીકૃષ્ણ જયંતી જ આવે.
રાજયોગ શિખવી રુહને સ્વરાજ્ય જ આપે,
પ્રજાપિતા બ્રહ્મા દ્વારા શિવ સ્વર્ગ જ સ્થાપે.
ચોર્યાશીના ચક્રમાં આત્મા જ નાચે,
એકવીસ જન્મ વૈકુંઠ રસ જ ચાખે.
હું શિવનો અવિનાશી નાતો જ ન્યારો,
બાપ, શિક્ષક, સદ્‌ગુરુનો સ્નેહ જ પ્યારો.
આત્મા-પરમાત્માનો પ્રભુ સંબંધ જ સમજાવે.
કોઈ નથી કોઈનું આખી અવનિમાં આજે,
સૃષ્ટિ ચક્રના પ્રભુ એક જ છો જ્ઞાતા,
મહામૂલા અવિનાશી જ્ઞાનરત્નોના દાતા
સદાશિવ કલ્યાણકારી છે અવિનાશી નામ
નર્કને સ્વર્ગ રચવાનું શ્રેષ્ઠ જ છે કામ
સૂક્ષ્માતીત સૂક્ષ્મ જ્યોતિબિંદુ છે સ્વરૂપ
પરે પરે પ્રભુ રહે છે પરમધામ.
ત્રિકાલદર્શી, ત્રિલોકીનાથ જ શ્રેષ્ઠ છે અદા
જીવાત્માઓનો રુહાની ભાઈચારો સદા.
આત્માઓ શાને ફસાયા છો શત્રુવિકારે
ત્રેસઠ જન્મોથી રુહે ખાધી જ ઠોકરો
વિકારી માનવ છે કૌરવ જ આજે
મહાભારત જગ-જાણે કુરુક્ષેત્ર જ આજે
લેખરાજ ભવનને કૌરવ આગ જ ચાંપે.
પાંચ પાંડવ સદા શિવ સહેજે જ ઉગારે
જ્ઞાન, યોગને સતકર્મોના જ સાથે
દ્વાપર-કલિયુગના વિકર્મો જ કાપે
પ્રાણ-પ્રકૃતિને પ્રભુ પાવન જ બનાવે
આબુ પહાડી પાંડવભવન ભારતમાં જ આવે
પ્રજાપિતા બ્રહ્મા-વત્સોની વિનંતી સ્વીકારો
કામ, ક્રોધાદિ સઘળા વિકારો જ ત્યાગો.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bharatiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.



વડોદરા અટલાદરા ખાતે '૨૧ જૂન યોગ દિવસ'ના કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશ્નર ભ્રાતા અજય ભાદુ IAS, શ્રીમતી આકાંક્ષા ભાદુ, યોગાચાર્ય દુષ્યંતભાઈ મોદી, હરીશભાઈ વૈદ્ય, ડૉ. ભાસ્કરભાઈ, બ્ર.કુ. અરુણાબેન.



બાંટવા ખાતે '૨૧ જૂન યોગ દિવસ'ના કાર્યક્રમમાં દીપ પ્રજવલ્લન કરતાં ભ્રાતા દયાલભાઈ, ભ્રાતા જગદીશભાઈ, નવયુગ ઈન્ડસ્ટ્રીના માલિક ભ્રાતા રવજીભાઈ, ડૉ. સુરેજાભાઈ, બ્ર.કુ. મધુબેન.



ડીસામાં '૨૧ જૂન યોગ દિવસે' સંદેશ આપતાં બ્ર.કુ. સુરેખાબેન સાથે સ્પોર્ટસ વીંગ મુખ્યાલય કોર્ડીનેટર ડૉ. બ્ર.કુ. જગબીરભાઈ.



ખંભાતમાં 'પાંચમા યોગ દિવસ'ના કાર્યક્રમમાં બ્ર.કુ. કિરણબેન સાથે ડેપ્યુટી કલેક્ટર ભ્રાતા ડાભીભાઈ, આચાર્ય ભ્રાતા માધવભાઈ.



રાજકોટ ન્યુ જાગનાથ સેવાકેન્દ્રના બ્ર.કુ. ભગવતીબેનનું સન્માન કરતાં રામકૃષ્ણ મીશનના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી.



કચ્છ-મુદ્રા સેવાકેન્દ્રમાં 'વ્યસન મુક્તિ દિવસે' ઈશ્વરીય સંદેશ આપતાં ભ્રાતા રાતડીયાભાઈ તથા બ્ર.કુ. સુશીલાબેન.



શહેરામાં 'વ્યસન મુક્તિ દિવસે' પ્રતિજ્ઞા કરાવતા જયાબેન, LIC એજન્ટ શાંતિભાઈ, સામાજિક કાર્યકર્તા ભ્રાતા નાથાભાઈ વણકર, હાઈસ્કૂલના આચાર્ય ભ્રાતા રમણભાઈ તથા સર્વ પ્રતિભાગીઓ.



સુરત માંગરોળમાં 'વ્યસન મુક્તિ અભિયાન'નું ઉદ્‌ઘાટન કરતાં મોટામીયાના ઉતરાધિકારી ભ્રાતા માત્તુદીન ચિસ્તી, ભ્રાતા નરેન્દ્રભાઈ, TDO ભ્રાતા દિનેશભાઈ, ડૉ. પૂર્વીબેન, બ્ર.કુ. તૃપ્તિબેન.

Gyan Amrit
Vol.12 | Issue 8 | August 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




રાજકોટમાં રાજયોગિની ભારતીદીદીને 'ગારડી એવોર્ડ' આપી સન્માન કરતાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ભ્રાતા રાજેન્દ્રભાઈ, દેવપ્રસાદ સ્વામી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. પેથાણી.



ભાવનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ ભ્રાતા જીતુભાઈ વાઘાણીને ઈશ્વરીય સંદેશ આપી સૌગાત આપતાં બ્ર.કુ. શીતલબેન.




રાજકોટના કોઠારીયા ખાતે નવનિર્મિત સેવાકેન્દ્રના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. દક્ષાબેન, ગુજરાત ફાઈનાન્સ બોર્ડના ચેરમેન ભ્રાતા ધનસુખભાઈ ભંડેરી.



જૂનાગઢ ખાતે '૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ના કાર્યક્રમમાં લાયન્સ ક્લબ તથા ખોડલધામ જીલ્લા સમિતિના અગ્રણીઓ સાથે બ્ર.કુ. દમયંતીબેન, બ્ર.કુ. બીનાબેન તથા અગ્રણીઓ.



મહેસાણા સેવાકેન્દ્ર પર '૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ના કાર્યક્રમનું દીપ પ્રજવલ્લન કરતાં બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. કુસુમબેન તથા આમંત્રિત મહેમાનો.




ઝંખવાવ ઉપસેવાકેન્દ્રના ભૂમિપૂજન કાર્યક્રમમાં બ્ર.કુ. પૂર્ણિમાબેન, બ્ર.કુ. સંધ્યાબેન, બ્ર.કુ. જાગૃતિબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. બિપિનભાઈ તથા બ્રહ્માકુમારી બહેનો.